અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

28 NOVEMBER-2025 FRIDAY | Vol. : 17 | Issue : 147 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



અફઘાન શરણાર્થીએ વ્હાઈટ હાઉસ પાસે ગોળીબાર કર્યો : 2 નેશનલ ગાર્ડ્સની હાલત ગંભીર, હુમલાખોરની ધરપકડ...

4



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વંદે ભારત એક્સપ્રેસમાં અમદાવાદથી વલસાડ સુધીની મુસાફરી કરી

6



દિગ્ગજ ક્રિકેટર અશ્વિનનું ટીમ ઇન્ડિયામાંથી નિવૃત્તિ લેવાનું સાચું કારણ સામે આવ્યું, કહ્યું - ભાંગી પડ્યો હતો..

7



ચાંદી ₹2,758 મોંઘી થઈને ₹1.62 લાખ પ્રતિ કિલોએ પહોંચી : સોનું ₹224 ઘટીને ₹1.26 લાખ પ્રતિ 10 ગ્રામ પર આવ્યું....

## સુપ્રીમ કોર્ટે સરકાર પાસેથી જવાબ માંગ્યો

# OTT પ્લેટફોર્મ ઉપર વાંધાજનક કન્ટેન્ટને લઈને સુનાવણી હાથ ધરાઈ

**નવી દિલ્હી, તા.27**

સુપ્રીમ કોર્ટે આજે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ પર વાંધાજનક કન્ટેન્ટને લઈને સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટે કેન્દ્ર સરકારને ચાર અઠવાડિયામાં જવાબ આપવા માટે કહ્યું છે. સુનાવણી દરમિયાન, આવા કન્ટેન્ટના પ્રસારણને કારણે સમાજ પર તેની અસર વિશે વિચારણા કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જયમાલા બાગચીની બેન્ચે આ મુદ્દે વિગતવાર સુનાવણી કરી હતી.

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, આજના ડિજિટલ યુગમાં ફોન ચાલુ કરતાં જ એવા કન્ટેન્ટ સામે આવી જાય છે, જે આપણે જોઈ પણ ન શકીએ. તેમણે ઉદાહરણ આપ્યું કે પુસ્તકો, ચિત્રો કે અન્ય માધ્યમોમાં પણ અશ્લીલતા મળી શકે છે. જો



આવા કન્ટેન્ટની હરાજી થાય તો પ્રતિબંધો લાદવા જરૂરી છે. તેમણે ભાર મૂક્યો કે, યૂઝર્સઓને અશ્લીલ કન્ટેન્ટથી બચાવવા માટે એલર્ટ અને ડિસ્ક્લેમર્સની વ્યવસ્થા કરવી જોઈએ. એલર્ટ ફક્ત થોડીક સેકન્ડ માટે હોવી જોઈએ, જેથી યૂઝર્સ તેને સમજીને આગળ વધી શકે.

ન્યાયાધીશ જયમાલા બાગચીએ જણાવ્યું કે, આવી સામગ્રીથી કેટલાક લોકો ચોંકી શકે છે, તેથી તેમના માટે પ્રારંભિક ચેતવણી આવશ્યક છે. તેમણે કહ્યું કે, આ માત્ર ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો વિશે નથી, પરંતુ તેનું મુખ્ય ધ્યેય એ છે કે, આવી સામગ્રી જાહેર વપરાશ અથવા જાહેરમાં જોવા માટે યોગ્ય નથી. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ચેતવણી યૂઝર્સને માનસિક રીતે તૈયાર કરી શકે છે અને અનિચ્છનીય અસરને ટાળી શકે છે. મુખ્ય ન્યાયાધીશે વધુમાં કહ્યું કે, ડિસ્ક્લેમર આપ્યા પછી પણ શો શરૂ થાય છે, પરંતુ યૂઝર્સ તેને ન જોવાનું નક્કી કરે ત્યાં સુધીમાં તો તે ચાલુ થઈ જાય છે. તેમણે સૂચવ્યું કે, ઉંમર ચકાસણી માટે આધાર કાર્ડ જેવા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકાય છે. આમ કરવાથી કન્ટેન્ટનું પ્રસારણ વધુ જવાબદારીપૂર્વક થઈ શકે છે. તેમણે ભાર મૂક્યો કે, આવી વ્યવસ્થાઓથી સમાજમાં જવાબદારીનું વાતાવરણ બની શકે છે. સુપ્રીમ કોર્ટે એક જવાબદાર સમાજ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સૂચવ્યું કે, એક સમિતિની રચના કરવી જોઈએ જેમાં નિષ્ણાતો, ન્યાયતંત્ર અને મીડિયાના પ્રતિનિધિઓનો સમાવેશ થાય. આ સમિતિ પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામ કરી શકે છે. જો આ અભિવ્યક્તિની સ્વતંત્રતાને અવરોધે તો તેના પર વિચાર કરી શકાય છે. કોર્ટે કહ્યું કે, એકવાર જવાબદાર સમાજ બને તો મોટાભાગની સમસ્યાઓ આપમેળે હલ થઈ જશે. આ કેસમાં ઓપરેશન સિંદૂરનું પણ ઉદાહરણ આપવામાં આવ્યું હતું. જ્યારે સમાચાર પ્રસારણ સંગઠનોએ નવા નિયમોને સેન્સરશીપ તરીકે વિરોધ કર્યો, ત્યારે ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે, સામગ્રી ૪૮ કલાક પછી દૂર કરવામાં આવે તો પણ તે વાયરલ થઈ જાય છે. તેમણે જણાવ્યું કે, ઓડિઓ અને વીડિયો માટે પ્રી-પ્રકાશન સેન્સરશીપ છે, કારણ કે તેમની ફેલાવાની ક્ષમતા વધુ છે.

# હોંગકોંગમાં 77 વર્ષમાં સૌથી ભયાનક આગ:65નાં મોત

- 280 લોકો ગુમ; 35 માળના 8 બિલ્ડિંગ સળગી, લોકોને ભાગવાનો સમય ન મળ્યો



**હોંગકોંગ, તા.27**

હોંગકોંગના તાઈ પો નામના વિસ્તારમાં બુધવારે એક મોટા રહેણાક કોમ્પ્લેક્સમાં લાગેલી ભીષણ આગે આખા શહેરને હચમચાવી દીધું છે. અત્યારસુધીમાં 65 લોકોનાં મોત થયાં છે, જ્યારે 280 હજુ પણ ગુમ છે. કોન્ટ્રાક્ટર સહિત 3 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કોમ્પ્લેક્સ કુલ આઠ ઈમારતનું હતું, જેમાં લગભગ બે હજાર એપાર્ટમેન્ટ હતાં. વાંગ ફુક કોર્ટના આ ટાવર વાંસના માળખાથી ઢંકાયેલા હતા. આગની શરૂઆત ઈમારતોની બહાર લાગેલા આ જ માળખામાંથી થઈ હતી, જેના પર સમારકામ ચાલી રહ્યું હતું. ભારે પવન અને સળગતા કાટમાળને કારણે જ્વાળાઓ એક ઈમારતથી બીજી ઈમારત સુધી ફેલાતી ગઈ. આગ હજુ સુધી કાબૂમાં આવી શકી નથી. બુધવારે હોંગકોંગના ઉત્તરીય તાઈ પો જિલ્લામાં 35 માળના રહેણાક કોમ્પ્લેક્સની ઈમારતોમાં આગ ફાટી નીકળી હતી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, આ ઘટનામાં 36 લોકોનાં મોત થયાં છે, જ્યારે 257 લોકો ગુમ છે.



# ફાંસીની સજા પછી શેખ હસીનાને વધુ એક ફટકાર

## ભ્રષ્ટાચારના કેસમાં બાંગ્લાદેશની કોર્ટે 21 વર્ષની સજા સંભળાવી, પૂર્વ PM વિરુદ્ધ એક પછી એક ધડાધડ ચુકાદાઓ

**ઢાંકા, તા.27**

બાંગ્લાદેશની એક અદાલતે પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને 21 વર્ષની કેદની સજા સંભળાવી છે. આ જ મહિને શેખ હસીનાને બાંગ્લાદેશ ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે ફાંસીની સજા પણ સંભળાવી હતી. એટલે કે, એક મહિનામાં શેખ હસીના વિરુદ્ધ આ બીજો મોટો નિર્ણય આવ્યો છે. આનાથી સાબિત થાય છે કે મોહમ્મદ યુનુસ, જે બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર છે, તે શેખ હસીનાની રાજનીતિને જડમૂળથી ઉખાડી ફેંકવા માગે છે. આથી જ તેમની વિરુદ્ધ એક પછી એક નિર્ણયો સંભળાવવામાં આવી રહ્યા છે. શેખ હસીના, ગયા વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં થયેલા સત્તા વિરોધી આંદોલન પછી દેશમાંથી ભાગી ગયા હતા અને ત્યારથી તેઓ ભારતમાં રહે છે.

રિપોર્ટ અનુસાર, રાજધાની ઉન્નયન કર્તૃપક્ષ (RAJUK)ના પૂર્બાંચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટમાં પ્લોટની વહેંચણી સાથે જોડાયેલા ત્રણ અલગ-અલગ ભ્રષ્ટાચારના કેસોમાંના દરેક કેસમાં તેમને સાત-સાત વર્ષની સજા સંભળાવવામાં આવી છે અને કુલ સજા 21



વર્ષની થઈ છે. એટલે કે, ત્રણેય કેસોમાં અલગ-અલગ સજા ભોગવવી પડશે. ઢાકાની સ્પેશિયલ જજ કોર્ટ-5ના જજ મોહમ્મદ અબ્દુલ્લા અલ મામુને આજે ગુરુવારે સવારે લગભગ 11:45 વાગ્યે આ ચુકાદો સંભળાવ્યો. પ્રોસિક્યુશન અને ડિફેન્સ બંનેની દલીલો 23 નવેમ્બરના રોજ સમાપ્ત થઈ ગઈ હતી, ત્યારબાદ કોર્ટે ચુકાદાની તારીખ નક્કી કરી હતી. આજે તે મુજબ ચુકાદો સંભળાવવામાં આવ્યો.

શેખ હસીના વિરુદ્ધ એક પછી એક ધડાધડ ચુકાદા બાંગ્લાદેશી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જમીન ફાળવણી કૌભાંડમાં શેખ હસીનાની સાથે 20 અન્ય આરોપીઓ છે અને બધા આરોપીઓમાંથી અત્યારે માત્ર એક આરોપી મોહમ્મદ ખુર્શીદ આલમની જ ધરપકડ થઈ છે. ત્રણ અલગ-અલગ કેસોમાં સાક્ષી 17 નવેમ્બરના રોજ પૂરી થઈ. આ પહેલાં, 31 જુલાઈના રોજ કોર્ટે આરોપો ઘડ્યા હતા અને ટ્રાયલ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો.

એક કેસમાં, શેખ હસીના સહિત 12 લોકો પર આરોપ લગાવવામાં આવ્યા છે. બીજા કેસમાં, શેખ હસીના અને તેમના પુત્ર સજીબ વાજેદ જોય સહિત 17 લોકો પર આરોપ લગાવવામાં આવ્યા છે. ત્રીજા કેસમાં, શેખ હસીના અને તેમની પુત્રી સાઈમા વાજેદ પુતુલ સહિત 18 લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે.

# ભારતીય 'ઈલોન મસ્ક'નું રોકેટ તૈયાર, PM મોદીએ ઉદ્ઘાટન કર્યું

## આવતા વર્ષે લોન્ચિંગની તૈયારી, 300 કિલો સુધીના સેટેલાઈટ અવકાશમાં લઈ જશે

**નવી દિલ્હી, તા.27**

પીએમ મોદીએ ગુરુવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભારતના પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ વિક્રમ-I ને દુનિયા સમક્ષ રજૂ કર્યું. આ રોકેટની ઊંચાઈ 7 માળની બિલ્ડિંગ જેટલી છે. આ રોકેટ પ્રાઈવેટ સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા બનાવવામાં આવ્યું છે. આ રોકેટને 2026માં લોન્ચ કરવામાં આવશે. તે પોતાની સાથે 300 કિગ્રા સેટેલાઈટ લઈ જવામાં સક્ષમ છે.

પીએમએ રોકેટ ઉપરાંત કંપનીના નવા ઈન્ફિનિટી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કર્યું. આ કેમ્પસમાં



અનેક લોન્ચ વ્હીકલના ડિઝાઈન, ડેવલપમેન્ટ, ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગનું કામ કરવામાં આવશે. આ કેમ્પસ તેલંગાણાના હૈદરાબાદમાં બન્યું છે. કંપનીની હેડ ઓફિસ પણ અહીં જ છે.

સ્કાયરૂટ એરોસ્પેસ કંપનીની સ્થાપના પવન ચંદના અને ભરત ઢાકાએ 2018માં કરી હતી. આ બંને IIT પાસઆઉટ છે અને ISROના પૂર્વ વૈજ્ઞાનિક રહી ચૂક્યા છે. તેમને ભારતના 'ઈલોન મસ્ક' કહેવામાં આવી રહ્યા છે. ખરેખરમાં, મસ્ક પણ સ્પેસ સેક્ટરમાં કામ કરી રહ્યા છે. તેમની સ્પેસએક્સ કંપની અનેક પ્રાઈવેટ રોકેટ લોન્ચ કરી ચૂકી છે.

સ્કાયરૂટ કંપનીએ આ પહેલા 2022માં વિક્રમ-S રોકેટ લોન્ચ કર્યું હતું, જે સબ ઓર્બિટ રોકેટ હતું એટલે કે તે 100 કિમી ઉપર ગયું હતું પરંતુ પૃથ્વીની કક્ષામાં પ્રવેશી શક્યું ન હતું. વિક્રમ-I એક ઓર્બિટલ રોકેટ છે જે પૃથ્વીની કક્ષાની અંદર જશે.

# સિદ્ધારમૈયા અને શિવકુમારની લડાઈમાં કોંગ્રેસનું જ નુકસાન! CMની ખુરશીની ખેંચતાણ મઠ સુધી પહોંચી

**નવી દિલ્હી, તા.27**

કર્ણાટકમાં મુખ્યમંત્રીની ખુરશીને લઈને કોંગ્રેસના નેતાઓમાં અંદરોઅંદર જ ખેંચતાણ વધી ગઈ છે. સિદ્ધારમૈયાને બદલે ડી કે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવા માટે માંગ તેજ બની છે. સૌ કોઈની નજર હવે કોંગ્રેસ હાઈકમાન્ડ પર છે. એવામાં હવે રાજકીય ઘટનાક્રમમાં મઠની પણ એન્ટ્રી થઈ ગઈ છે.

કર્ણાટકના વોક્કાલિંગા સમાજ સાથે જોડાયેલા આદિચુંચનગિરિ મઠની એન્ટ્રી થઈ ગઈ છે. આદિચુંચનગિરિ મઠના પ્રમુખ નિર્મલાનંદનાથ સ્વામીએ ખુલીને ડી કે શિવકુમારનું સમર્થન કર્યું છે અને કોંગ્રેસને અલ્ટિમેટમ પણ આપ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે હું તો પહેલા પણ શિવકુમારને જ મુખ્યમંત્રી તરીકે જોવા માંગતો હતો. તમામ સંકેતો છતાં શિવકુમારે કોંગ્રેસનો સાથ છોડ્યો નથી ત્યારે હવે તેમને મોકો આપવો જોઈએ. નોંધનીય છે કે કર્ણાટકના રાજકારણમાં મઠ અને મઠાધિશોનું વર્ચસ્વ રહ્યું છે. ચૂંટણીમાં પણ વિવિધ મઠ દ્વારા તેમના સમુદાય સાથે જોડાયેલા નેતાઓનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે સમર્થન કરવામાં આવે છે.

# સરકારે બનાવેલી કમિટીની સમીક્ષા જરૂરી : દિલ્હીમાં પ્રદૂષણ મુદ્દે સુપ્રીમ કોર્ટ ચિંતિત

**નવી દિલ્હી, તા.27**

દિલ્હી-NCRમાં સતત વધી રહેલા પ્રદૂષણના સ્તર અંગે સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે જણાવ્યું કે, 'અમારી પાસે કોઈ જાદુઈ છડી નથી, જેને ફેરવવાથી આ સમસ્યા દૂર થઈ જાય.' કોર્ટે સ્વીકાર્યું કે, 'દિલ્હી-NCR માટે આ ખતરનાક સમય છે અને આ મામલાનો તાત્કાલિક ઉકેલ લાવવાનો પ્રયાસ થવો જોઈએ. હવાની ગુણવત્તાની ગંભીર સમસ્યાનો તરત નિકાલ કરવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે.' આ કેસની આગામી સુનાવણી 1 ડિસેમ્બરના રોજ નિર્ધારિત કરાઈ છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, 'કોઈપણ જ્યુડિશિયલ ફોરમ પાસે કઈ જાદુઈ છડી છે જેને ફેરવીને આ સમસ્યાનો અંત લાવી શકાય? મને ખબર છે કે દિલ્હી-NCR માટે આ ખતરનાક સમય છે. અમને જણાવો કે અમે શું આદેશ આપી શકીએ, જેથી લોકોને તાત્કાલિક શુદ્ધ હવા મળી શકે.'

CJIએ વધુમાં કહ્યું કે, 'પ્રદૂષણ પાછળ કોઈ એક કારણ નથી અને તેને માત્ર નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો પર છોડી દેવું યોગ્ય નથી. આપણે તમામ કારણોને ઓળખવા પડશે. દરેક વિસ્તાર માટે અલગ સમાધાનની જરૂર છે. આ માટે, સરકાર દ્વારા રચાયેલી કમિટીઓ અને તેના કામકાજની પણ સમીક્ષા કરવી પડશે. સાથે જ, નિયમિત દેખરેખની પ્રક્રિયાને મજબૂત બનાવવી જરૂરી છે.'

એમિકસે કોર્ટને માહિતી આપી કે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ(CAQM) આ મુદ્દે સતત નિર્દેશો આપી રહ્યું છે. CJIએ લાંબા ગાળાના ઉકેલ અને નિયમિત દેખરેખની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું કે, 'આ મામલો દર વર્ષે દિવાળી પહેલાં ઔપચારિક રીતે યાદીમાં આવે છે. શિયાળા પછી તે ગાયબ થઈ જાય છે. આપણે નિયમિતપણે દેખરેખ રાખવી પડશે.'

જ્યારે એમિકસે ફરી એકવાર NCRની ગંભીર સ્થિતિ પર ભાર મૂક્યો, ત્યારે CJIએ આશ્વાસન આપ્યું કે અમે આના પર નિયમિત સુનાવણી કરીશું,'



# ખાટલામાં સૂતાં-સૂતાં 10 વર્ષનો છોકરો વેચે છે ગાંજો

## સુરતમાં સરથાણાબ્રિજ નીચે ખુલ્લેઆમ જુગાર-નશાનો કારોબાર, ધારાસભ્યએ કહ્યું-વર્ષોથી આ ન્યૂસન્સ છે

**સુરત, તા.27**

સુરત શહેરના સરથાણા વિસ્તારના બ્રિજ નીચે ખુલ્લેઆમ ચાલી રહેલા દારૂ, ડ્રગ્સ, ગાંજો અને જુગાર જેવા ગેરકાયદે નશાના કારોબારનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો વિશાલ વસોયા સહિતના યુવાઓએ શૂટ કર્યો છે. આ દૂષણ અને અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવવા માટે એક મોટી ઝુંબેશ ઉપાડી છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે સરથાણાબ્રિજ નીચે સૂતેલો એક 10 વર્ષનો છોકરો ગાંજો વેચતો હોય એવો વીડિયો યુવાનોએ પુરાવા તરીકે રજૂ કર્યો છે. આ દૃશ્યો શહેરના કાયદો-વ્યવસ્થાની સ્થિતિ તેમજ યુવા પેઢીના ભવિષ્ય પર ગંભીર સવાલો ઊભા કરે છે. યુવાનોએ બ્રિજની નીચે જુગાર રમાતો હોવાનો અને ગાંજો વેચાતો હોવાનો વીડિયો પુરાવા તરીકે રજૂ કર્યો છે.

આ સમસ્યાને અતિભયંકર ગણાવી ધારાસભ્ય કુમાર કાનાણીએ મ્યુનિસપલ કમિશનર અને પોલીસ કમિશનરને પત્ર લખ્યો છે તેમજ કહ્યું હતું કે વર્ષોથી ન્યૂસન્સ છે, પણ એનો ઉકેલ નથી આવતો. બન્ને કમિશનર પાસે




કેટલા દિવસમાં ઉકેલ લાવશો એનો લેખિતમાં જવાબ માગ્યો છે.

બ્રિજ નીચે ચાલતા આ તમામ ગેરકાયદે વેપલાઓ અને દૂષણોને બંધ કરાવવા માટે યુવાનોએ સત્તાવાળાઓ સમક્ષ અવાજ ઉઠાવ્યો છે. યુવા જાગૃત નાગરિકોના એક જૂથે સુરતના મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતને રૂબરૂ મળીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

આવેદનપત્રમાં મુખ્યત્વે ત્રણ માગણી કરવામાં આવી હતી કે વરાછા રોડ પર આવેલા પોદાર આર્કેડથી નવજીવન સુધીના બ્રિજની નીચે ખુલ્લેઆમ ચાલતાં દારૂ, ગાંજો અને જુગાર જેવાં તમામ દૂષણો તાત્કાલિક ધોરણે બંધ કરાવવાં. બ્રિજની નીચે મોટા પ્રમાણમાં થયેલાં ગેરકાયદે દબાણોને તાત્કાલિક હટાવવાં અને વેસુ વિસ્તાર કે શહેરના અન્ય પોશ વિસ્તારોની જેમ આ બ્રિજને પણ સુશોભિત કરવામાં આવે, જેથી અહીં અસામાજિક તત્ત્વોનો જમાવડો ન થાય.

યુવાનો દ્વારા શરૂ કરાયેલી આ સકારાત્મક ઝુંબેશને વરાછા વિસ્તારની 10થી વધુ સામાજિક સંસ્થાઓએ પોતાનું સમર્થન જાહેર કર્યું છે. આ સંસ્થાઓ પોતાના સત્તાવાર લેટરપેડ સાથે આ અભિયાનમાં જોડાઈ છે, જે સાબિત કરે છે કે સ્થાનિક નાગરિકોમાં આ દૂષણો પ્રત્યે કેટલો રોષ અને જાગૃતિ છે. જાગ્રત નાગરિકોની આ પહેલથી સ્થાનિક પ્રશાસન પર દબાણ વધ્યું છે. શહેરીજનો આશા રાખી રહ્યાં છે કે મેયર અને પોલીસ કમિશનર આ ગંભીર મામલાને ધ્યાને લઈને તાત્કાલિક અને કડક કાર્યવાહી કરશે, જેથી સુરતનાં બાળકો અને યુવાનોને નશાના ભરડામાંથી બચાવી શકાય.

અભિયાન સાથે જોડાયેલા વિશાલ વસોયાએ જણાવ્યું હતું કે વરાછાના જાગૃત યુવાઓ દ્વારા સરથાણાબ્રિજની નીચે જે દૂષણો ચાલી રહ્યાં છે એને ડામવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે કે બ્રિજની નીચે જુગાર, દારૂ, ગાંજો ખુલ્લેઆમ વેચાઈ રહ્યા છે. એટલું જ નહીં, માત્ર 10 વર્ષનો છોકરો ગાંજો વેચી રહ્યો છે અને એ પણ ખુલ્લેઆમ ધોળા દિવસે. આ પુલની નીચે અનેક દૂષણો છે. વાહનો પાર્કિંગ કરેલાં છે, આખા બ્રિજને દબાવેલો છે. તો આ દબાણ દૂર થાય, આ દૂષણો દૂર થાય.

આ વરાછાના જે જાગ્રત નાગરિકો છે, જેમને આ વિચાર આવ્યો છે કે આખા પુલને આપણે સ્વચ્છ બનાવીએ, સુંદર બનાવીએ અને જેવી રીતે વેસુ વિસ્તારની અંદર સરસ મજાનું બ્યૂટિફિકેશન થયું છે, એવું જ આ સરથાણાના વરાછાના બ્રિજની નીચે થાય. વીડિયોમાં જોયું કે કેવી રીતે સરથાણાબ્રિજની નીચે ખુલ્લેઆમ જુગાર ચાલે છે, ખુલ્લેઆમ ડ્રગ્સ અને ખુલ્લેઆમ ગાંજો વેચાઈ રહ્યો છે. 10-10 વર્ષના છોકરા ગાંજો વેચી રહ્યા છે.

પોદારથી લઈને સરથાણા સુધીના બ્રિજની નીચે નશાનો કારોબાર ચાલતો હોવાની પહેલાં પણ ઘટનાઓ સામે આવી ચૂકી છે. થોડા સમય પહેલાં જ કાપોદ્રા પોલીસ દ્વારા બ્રિજના 20 ફૂટ ઉપર પિલર પર સંતાડવામાં આવેલો ગાંજો પણ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ અંગે મ્યુનિ.કમિશનર અને પોલીસ કમિશનરને પત્ર લખનારા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે વરાછા રોડ સુરતનું મુખ્ય પ્રવેશદ્વાર છે, જેના પર શહેરનો સૌથી મોટો ઓવરબ્રિજ છે. અહીંથી આવતા-જતા બધા લોકોની નજર ત્યાં હોય છે, એટલે જે રીતે ગેરકાયદે રીતે ત્યાં લોકો વસવાટ કરીને આવા ધંધાઓ કરે છે એને ત્યાંથી હટાવવા જોઈએ, દૂર કરવા જોઈએ. એવી મારી માંગણી છે. ત્યાં ખૂબ ભયંકર રીતે વાહનોનું પણ દબાણ થાય છે. ટેમ્પો, ટ્રક, જેસીબી જેવાં વાહનો ભયંકર રીતે દબાણ કરે છે. તો જે સુરત શહેરની મુખ્ય એન્ટ્રી છે એ રોડ પર આવું ભયંકર ન્યૂસન્સ હોય અને આવા ધંધા ચાલતા હોય તો એને રોકવા જોઈએ.

# 2002ની મતદાર યાદીમાં નામ શોધવું થયું સરળ : SIR

## ઇ-રોલમાં તમારું નામ સર્ચ કરવા નવી સુવિધા શરૂ કરાઈ

**અમદાવાદ, તા.27**

ભારતીય ચૂંટણી પંચે (ECI) મતદાતાઓને સરળતા પ્રદાન કરવા અને તાજેતરમાં ચાલી રહેલા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ (SIR) માં ચોકસાઈ લાવવા માટે તેના મતદાતા સેવા પોર્ટલ (voters.eci.gov.in) પર એક મહત્ત્વપૂર્ણ સુવિધા શરૂ કરી છે.

'છેલ્લા SIR (Special Intensive Revision) ઈ-રોલમાં તમારું નામ સર્ચ' (Search Your Name in Last SIR) હેઠળ શરૂ કરાયેલી આ નવી સુવિધા દ્વારા મતદારો હવે 2002ના છેલ્લા SIR ઈ-રોલમાં પોતાનું નામ અથવા તેમના સંબંધીઓનું નામ સરળતાથી ચકાસી શકશે.

માહિતીની ચકાસણીમાં મદદરૂપ: આ સેવા નાગરિકોને તેમની જૂની મતદાર નોંધણીની વિગતો ચકાસવામાં મદદ કરશે, જે વર્તમાન ચાલુ મતદાર યાદીની પ્રક્રિયાઓમાં વધારે ચોકસાઈ લાવવામાં ઉપયોગી થશે.

સરળ સર્ચ ઓપ્શન: મતદારો ફક્ત રાજ્ય, પોતાનું નામ, સંબંધીનું નામ અને તેમની સાથેનો સંબંધ (પિતા, માતા, પતિ/પત્ની) જેવી ઓછામાં ઓછી વિગતો દ્વારા સર્ચ કરી શકે છે. અન્ય વિગતો જેમ



કે જિલ્લો, વિધાનસભા મતવિસ્તાર (AC) અને પોલિંગ સ્ટેશન વૈકલ્પિક છે.

દેશભરમાંથી સર્ચ કરી શકાશે: આ નવી સુવિધા હેઠળ મતદારો હવે ફક્ત પોતાના રાજ્યમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં ગમે ત્યાંથી તેમના નામને સર્ચ કરી શકે છે.

મતદાતાઓને સચોટ નામથી પરિણામ ન મળે તો નામની જોડણીના વિવિધ રૂપાંતરણો (different variations of names)નો ઉપયોગ કરીને પ્રયાસ કરવો (ઉદાહરણ તરીકે, 'Maneesh' માટે 'Manish') જોઈએ અથવા જિલ્લા, AC અને ભાગ જેવી વધારાની માહિતી ભરીને ફરીથી પ્રયત્ન કરવો. ચૂંટણી પંચે તમામ નાગરિકોને તેમની માહિતીની ચકાસણી કરવા માટે આ સુવિધાનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

અમદાવાદ જિલ્લામાં ખાસ સઘન મતદારયાદી સુધારણા (SIR) ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ 62.59 લાખ મતદારોમાંથી 70 ટકાથી વધુની વિગતોનું ડિજિટાઈઝેશન થઈ ચૂક્યું છે. જ્યારે જે મતદારો હજી સુધી કોઈ કારણસર જમા કરાવી શક્યા નથી, તેમના માટે તમામ વિધાનસભા મતવિસ્તારોમાં આગામી તા. 29 અને 30 નવેમ્બર એમ બે દિવસ ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શહેર-જિલ્લાના તમામ મતદારોને તેમના બાકી રહેલા ફોર્મ્સ તાત્કાલિક ભરીને BLOને પરત જમા કરાવવા અને આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયામાં સહકાર આપવા અપીલ કરી છે. જેથી મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશની આ કામગીરી સ્વચ્છ, ક્ષતિરહિત અને પારદર્શક બની રહે અને મતદારો પોતાના ફોર્મ એક જ સ્થળે જમા કરાવી શકે તે માટે જિલ્લાના તમામ મતવિસ્તારોમાં નિયત સ્થળોએ શનિવાર તા. 29 નવેમ્બરના રોજ બપોરે 12 થી સાંજે 5 વાગ્યા સુધી અને રવિવાર તા. 30 નવેમ્બરના રોજ સવારે 10 થી સાંજે 5 વાગ્યા દરમિયાન ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# વારસિયામાં અજાણ્યા શખ્સોએ 3 કાર અને એક રીક્ષા સળગાવી

## પહેલાં થારમાં આગ લાગી પછી, વેન્યૂ અને ટ્રીબરમાં ફેલાઈ, બુટલેગરોના ગેંગવોરમાં આગ ચંપી કર્યાની આશંકા

**વડોદરા, તા.27**

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં ગત મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ ત્રણ કાર અને એક ઓટો રીક્ષાને આગ ચાંપી દીધી હતી. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે. આ આગ અંગે સ્થાનિકોએ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમે આગ પર કાબુ મેળવ્યો હતો. તો બીજી તરફ વારસિયા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. રીક્ષા સળગી તે સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવે છે. જેથી સિટી પોલીસે પણ તપાસ શરૂ કરી છે.

સાંઈબાબા નગરના ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલી થારમાં આગ લગાવી હતી, જે બાજુમાં પડેલી વેન્યુ અને ટ્રીબર સુધી ફેલાઈ ગઈ હતી.આ ત્રણેય કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઉપરાંત અંજલિ સોસાયટીમાં પાર્ક કરેલી એક ઓટો રીક્ષાને પણ આગની જ્વાળાઓમાં લપેટાઈ હતી. રીક્ષા ચાલકે જણાવ્યું કે, બાજુમાં પાર્ક કરેલી બીજી રીક્ષા




સળગાવવાનો ઈરાદો હતો, પણ ભૂલથી મારી રીક્ષાને આગ લગાવી દીધી હતી.

આ મામલો વારસિયા પોલીસ સ્ટેશન તેમજ સિટી પોલીસ સ્ટેશનમાં પહોંચતાં બંને પોલીસ મથકની ટીમોએ સંયુક્ત રીતે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ બુટલેગરો વચ્ચે ગેંગવોરનું પરિણામ હોવાની પ્રબળ શક્યતા છે અને આ કૃત્ય કરનારા શખ્સોની ઓળખ તેમજ ધરપકડ માટે વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

રીક્ષા ચાલક નંદલાલ ભાઈએ જણાવ્યું હતું કે, રાત્રે 1:35ની આસપાસ મારી સામેવાળાએ ફોન કર્યો કે, તમારી રીક્ષાને આગ લાગી ગઈ છે અને બોટલમાં પેટ્રોલ પણ હતું, અને કેટલાક લોકો આવીને મારી રીક્ષા ને સળગાવી હતી. એ બોટલ પણ મને મળી છે, અમે પાણીથી આગ બુઝાવી હતી. મેં આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઉલ્લેખનીય છે કે, 7 મહિના પહેલા વડોદરાના નામચીન બુટલેગર અલ્પુ સિંધી અને હેરી લુધવાણી વચ્ચે ગેંગવોર થયું હતું. જેને લઈને તેમાં સાગરીતો દ્વારા આગ ચંપીની કરવામાં આવી હોવાની શક્યતા છે, જેને પગલે પોલીસે આ દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# પાવડા-તગારા લઈને કોંગ્રેસનો વિરોધ

## રાજકોટનાં આમ્રપાલી બ્રિજની દયનીય સ્થિતિ તેમજ વોર્ડ-નં-2માં સફાઈ મુદ્દે ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા, સફાઈ શરૂ કરે તે પહેલાં પોલીસે અટકાયત કરી

**રાજકોટ, તા.27**

રાજકોટ શહેરના આમ્રપાલી પાસે અન્ડરબ્રિજની ખરાબ હાલત અને મહાપાલિકાના 'સૂતેલા' તંત્ર સામે વિરોધ વ્યક્ત કરવા માટે કોંગ્રેસ પક્ષના કાર્યકરોએ આજે એક અનોખું પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના કાર્યકરો પાવડા અને તગારા જેવા સફાઈના સાધનો લઈને અન્ડરબ્રિજની સફાઈ કરવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જોકે પોલીસે તેમને તરત જ અટકાવી દીધા હતા. અને આ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જોકે આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના ગણ્યા ગાંઠ્યા 15 જેટલા કાર્યકરો જ જોડાયા હતા, જે શહેરના રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

ગુજરાત પ્રદેશ શક્તિ સભાના ચેરમેન વૈશાલી શિંદેએ જણાવ્યું હતું કે, રાજકોટને રેસકોર્સના કારણે એક હબ કહી શકાય છે, પરંતુ શહેરની દશા અત્યારે ખરાબ થઈ રહી છે. અન્ડરબ્રિજનું કામ પ્રોપર રીતે થયું નથી અને તંત્ર તદ્દન સૂતું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આજે કોઈપણ પ્રકારનું કામ થતું નથી અને રસ્તાઓ સ્લિપરી થઈ રહ્યા છે. મુખ્યમંત્રી આવે ત્યારે જ રોડ-રસ્તા સાફ થાય છે, અને બીજા દિવસે ફરી કાદવ-



કિચડ થઈ જાય છે. ત્યારે જો તંત્ર સફાઈ નહીં કરે તો કોંગ્રેસના કાર્યકરો પોતે રોડ-રસ્તાની સફાઈ કરશે.

તેમણે ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો અને એમએલએને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, આપ પ્રજાના પ્રતિનિધિ છો અને આપે પ્રજાનું કામ કરવાનું છે, નહીં કે આપના નેતાઓની સેવા કરવાનું કામ કરવાનું છે. કોંગ્રેસની ઓછી સંખ્યા અંગે તેમણે જણાવ્યું કે, આ માત્ર વોર્ડ લેવાલનો કાર્યક્રમ હોવાથી કોંગ્રેસના વોર્ડ નંબર-2નાં આગેવાનો અને કાર્યકરો જ આ વિરોધમાં જોડાયા છે. કોંગ્રેસમાં કોઈપણ આંતરિક વિવાદ હોવાનો તેમણે ઈનકાર કર્યો હતો.

રાજકોટ શહેરના ઉપપ્રમુખ અને પ્રદેશના પ્રવક્તા સંજય લાખાણીએ ભાજપના રાજમાં થયેલા ભ્રષ્ટાચારને ઉજાગર કરવા માટે આ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હોવાનું જણાવ્યું હતું. સંજય લાખાણીના મતે, કરોડોના ખર્ચે બનેલા આ અન્ડરબ્રિજમાં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. જેના કારણે આજે પણ પાણી ભરાયેલું હોય તો સ્કૂટર પર કે ચાલીને જતા લોકો માટે મુશ્કેલી પડે છે અને અકસ્માતોની શક્યતા વધી જાય છે. રાજકોટમાં ટ્રાફિકની પણ કોઈ સમસ્યાનું નિરાકરણ નથી અને કોઈ વ્યવસ્થા નથી, તો આ બ્રિજ કેવી રીતે ચાલી શકે?

વધુમાં તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષે નક્કી કર્યું છે કે તેઓ તગારા અને પાવડા લઈને સફાઈ કરીને લોકોને બચાવવા માંગે છે. કોંગ્રેસ પક્ષ એકજૂટ, એક્ટિવ છે અને લોકો માટેના કામ કરે છે, માત્ર દેખાવ કરવા માટે કે ભ્રષ્ટાચાર માટે નહીં. ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડવા માટે આ મિશન લઈને આવ્યા છીએ અને જ્યાં સુધી આ નિકાલ નહીં આવે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. આગામી સમયમાં પણ તંત્રને જાગૃત કરવા કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવનાર હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

જોકે કોંગ્રેસના કાર્યકરો આમ્રપાલી બ્રિજ પાસે સફાઈનો કાર્યક્રમ શરૂ કરે તે પહેલાં જ, ટ્રાફિક જામની સ્થિતિને રોકવા માટે સ્થાનિક પોલીસ દોડી આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને તમામ 15 જેટલા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. આ વિરોધ પ્રદર્શનનું આયોજન શહેર સમિતિ દ્વારા વોર્ડ-વિસ્તારના પ્રશ્નને લઈને કરવામાં આવ્યું હતું. કોંગ્રેસનાં આગેવાનોએ જણાવ્યું હતું કે, જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આક્રમક કાર્યક્રમો કરવામાં આવશે અને પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી પત્ર લખવામાં આવશે. તેઓ કોઈપણ સંજોગોમાં આ રસ્તાની સમસ્યાનો નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરશે.

# કેન્દ્ર સરકાર ગુજરાતમાં હાઈવે માટે 20,000 કરોડ આપશે

## ગુજરાત આવેલા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની મોટી જાહેરાત, સુરત જિલ્લાના નેશનલ હાઈવેનું કરી રહ્યા છે નિરીક્ષણ

**સુરત, તા.27**

ગુજરાતમાંથી પસાર થઈ રહેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અને અન્ય નેશનલ હાઈવેની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા માટે બે દિવસથી કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગુજરાતની મુલાકાતે છે. બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજ્યા બાદ આજે ગડકરી સુરત જિલ્લાની મુલાકાતે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના હાઈવેઝ પર 35 ટકા કરતાં વધુનાં વાહન ભારણને ધ્યાને લઈને હાઈવેના મરામત અને વિસ્તૃતીકરણના કાર્ય સતત ચાલુ રહે એ જરૂરિયાત અંગે રજૂઆત કરી હતી. તેમણે ખાસ કરીને અમદાવાદ-મુંબઈ, રાજકોટ-ગોંડલ-જેતપુર તથા અમદાવાદ-ઉદયપુર પ્રોજેક્ટનાં કામો ઝડપથી પૂરાં થાય એ બાબતે પણ અનુરોધ કર્યો. મુખ્યમંત્રીની રજૂઆતને તાત્કાલિક પ્રતિસાદ આપતાં કેન્દ્રીય મંત્રી ગડકરીએ ગુજરાતમાં NHAI હેઠળના હાઈવે અને અન્ય પ્રોજેક્ટ માટે રૂ. 20 હજાર કરોડની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવશે એવી ખાતરી આપી. આ



બેઠકમાં NHAI અને મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા આગામી સમયમાં હાથ ધરાનારા પ્રોજેક્ટ્સના પ્રેઝન્ટેશન સાથે વર્તમાન પ્રગતિની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

સુરત એરપોર્ટ પર તેમનું આગમન થયા બાદ તેઓ તરત જ દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલા મહત્ત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવા માટે રવાના થઈ ગયા હતા. તેઓ સુરત જિલ્લાના બે નેશનલ હાઈવે અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની કામગીરીની સમીક્ષા કરશે.

ગડકરી કુલ 300 કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસ-વેની પ્રગતિનું મૂલ્યાંકન કરશે. આ સઘન નિરીક્ષણ કાર્યક્રમમાં NH-53 અને NH-48ના લગભગ 100 કિલોમીટરના રોડનું નિરીક્ષણ સામેલ છે, જ્યારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના 200 કિલોમીટરના ભાગનું તેઓ હેલિકોપ્ટર મારફત એરિયલ સર્વે કરશે. આ પ્રવાસનો હેતુ માત્ર પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવાનો નથી, પરંતુ એમાં આવતી સમસ્યાઓ અને સ્થાનિક ફરિયાદોનો સ્થળ પર જ ઉકેલ લાવવાનો પણ છે.

સ્થાનિક જનતા અને ટ્રાફિક નિષ્ણાતોને મંત્રીના આ પ્રવાસથી મોટી અપેક્ષાઓ છે. ખાસ કરીને NH-48 અને એક્સપ્રેસ-વેને જોડતા ઈન્ટરચેન્જની ખામીયુક્ત ડિઝાઈન અંગે ઊભી થયેલી સમસ્યા પર ગડકરી તાત્કાલિક ધ્યાન આપીને યોગ્ય માર્ગદર્શન આપે એવી માગ છે, જેથી ભવિષ્યમાં આ મહત્ત્વપૂર્ણ માર્ગો પર ટ્રાફિકજામની ગંભીર સમસ્યાઓ ટાળી શકાય. મંત્રીનું આ સઘન નિરીક્ષણ દક્ષિણ ગુજરાતના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી આજે સુરત એરપોર્ટ પર ઊતર્યા બાદ તરત જ એક વિશેષ બસમાં બેસીને દક્ષિણ ગુજરાતના મહત્ત્વપૂર્ણ હાઈવે પ્રોજેક્ટ્સના નિરીક્ષણ માટે રવાના થયા હતા. આશરે 10 સીટની ક્ષમતા ધરાવતી આ ખાસ બસમાં તેમની સાથે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના ઉચ્ચ અધિકારીઓ તેમજ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ખાસ અધિકારીઓ જોડાયા હતા. મંત્રી ગડકરીનો આ અભિગમ જમીની હકીકત જાણવા માટેનો છે, જ્યાં તેઓ ઓફિસમાં બેસીને નહીં, પણ રોડ પર વાહનચાલકો જેવો અનુભવ મેળવીને રોડની ગુણવત્તાનું મૂલ્યાંકન કરશે.

ગડકરી આ બસ દ્વારા હાઈવેની ગુણવત્તા, એના બાંધકામની મજબૂતી અને એની સપાટીની સ્થિતિનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરવાના છે. આ ઉપરાંત તેઓ ખાસ કરીને વાહનચાલકોને થતી હાલાકી અને મુશ્કેલીઓનું જાતે નિરીક્ષણ કરશે, જેમાં ટ્રાફિકજામ, રોડની ખામીઓ કે અન્ય અવ્યવસ્થિતતા જેવા મુદ્દાઓ સામેલ છે. અધિકારીઓ સાથે બસમાં પ્રવાસ કરીને તેઓ સ્થળ પર જ પ્રશ્નોનું વિશ્લેષણ કરીને તાત્કાલિક સૂચનો આપશે, જેથી દક્ષિણ ગુજરાતના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારી શકાય અને લોકો માટે મુસાફરી વધુ સુરક્ષિત અને સરળ બનાવી શકાય.

# ગુજરાતના પોલીસ વડા 'નિસહાય' : પરેશ ધાનાણી

## રાજકીય ઈશારે નાચનારા, સંવિધાનના સોગંધ ખાનારાઓની જોવા જેવી થશે, દરેકના પટ્ટા ઉતરી જવાના છે અને પેન્ટ પણ નહિ સચવાય જેના કારણે બધા ઉઘાડા થશે

**રાજકોટ, તા.27**

કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી વિરુધ્ધ સરકાર કિન્નાખોરી દાખવી રહી હોવાના આક્ષેપ સાથે રાજકોટ આવેલા કોંગી નેતા પરેશ ધાનાણીએ જન આક્રોશ રેલી બાદ દેશની આવનાર પેઢીને બરબાદ કરતા માફિયાઓ સામે અવાજ ઉઠાવી અખાએ ગુજરાતમાં આંદોલન શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ફરી તેમને એક તળપદી ભાષામાં વિવાદિત નિવેદન આપી જણાવ્યું હતું કે, રાજકીય ઈશારે નાચનારા, સંવિધાનના સોગંધ ખાનારાઓની જોવા જેવી થવાની છે. દરેકના પટ્ટા ઉતરી જવાના છે અને પટ્ટા ઉતરી જશે તો પેન્ટ પણ નહિ સચવાય જેના કારણે બધા ઉઘાડા થઈ જવાના છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, રાજકીય ઈશારે નાચનારા, સંવિધાનના સોગંધ ખાનારાઓની જોવા જેવી થવાની છે. દરેકના પટ્ટા ઉતરી જવાના છે અને પટ્ટા ઉતરી જશે તો પેન્ટ પણ નહિ સચવાય જેના કારણે બધા ઉઘાડા થઇ જવાના છે. જે લોકો દારૂ અને ડ્રગસના દુષણને પ્રોત્સાહન આપે છે અને પોતાની ફરજ ચુકી રહ્યા છે




તેવા તમામ સામે જન આંદોલન થશે તો આગેવાની પરેશ ધાનાણી સંશિત આખો કોંગ્રેસ પક્ષ લેવા તૈયાર છે. કાયદાકીય લડાઈ લડવાની પણ અમારી તૈયારી છે. જનતા આશીર્વાદ મળશે તો આવતા દિવસોમાં આવા તમામ ડ્રગ્સ માફિયાઓ, બુટલેગરો, મિલ્કત માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેશું.

ગુજરાતને કોમન વેલ્થ ગેમની યજમાની મળતા કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ગાંધી અને સરદારના ગુજરાતમાં યજમાની મળી એ સારી વાત છે કોંગ્રેસ પરિવાર સહિત ગુજરાતના તમામ લોકો યજમાનીને આવકારી રહ્યા છે. પરંતુ સત્તાધારી પક્ષને એટલી જ અપીલ છે કે જે રીતે રમત ગમતમાં ખેલદિલી રાખવામાં આવે તેવી જાહેર જીવનમાં પણ રાખવામાં આવે. ગુજરાતની જનતાને પડતી મુશ્કેલી સાંભળો તેનો અવાજ દબાવવાનો પ્રયાસ ન કરવામાં આવે. રમત ગમતની જેમ ખેલદિલી રાખવામાં આવે.

મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, દારૂ ડ્રગ્સ અને ગંજાનું દુષણ ખુબ વધી રહ્યું છે. પોલીસ મોટ ભાગના કેસમાં આરોપીઓને પકડી પણ શક્તિ નથી બે દિવસ પહેલા પણ પોલીસ કમિશનરને રજુઆત મળી હતી કે દારૂના નશામાં ધૂત શખ્સ વિસ્તાર વાસીઓને હેરાન કરે છે જો કે તેની સામે કોઈ કાર્યવાહ હજ સુધી થઈ નથી. માત્ર દારૂ જ નહિ પરંતુ ડ્રગ્સ, ગાંજો, ચરસ, તેમજ ટ્રાફિક સહિતના પ્રશ્નો લોકોને સતાવી રહ્યા છે જે તમામ બાબતે આગામી દિવસોમાં પોલીસ કમિશનર સમક્ષ રૂબરૂ રજુઆત કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અફઘાન શરણાર્થીએ વ્હાઈટ હાઉસ પાસે ગોળીબાર કર્યો : 2 નેશનલ ગાર્ડ્સની હાલત ગંભીર, હુમલાખોરની ધરપકડ; ટ્રમ્પ બોલ્યા, આની ભારે કિંમત ચૂકવવી પડશે

**વોશિંગ્ટન, તા.27**

અમેરિકામાં બુધવારે સાંજે વ્હાઈટ હાઉસથી બે બ્લોક દૂર થયેલા ગોળીબારમાં નેશનલ ગાર્ડ્સના બે સભ્ય ગંભીર રીતે ઘાયલ થયા. આ મામલે એક આરોપીની અટકાયત કરવામાં આવી છે.

FBI અધિકારીઓ અનુસાર, હુમલામાં સામેલ શંકાસ્પદની ઓળખ રહેમાનુલ્લાહ લાકનવાલ તરીકે થઈ છે. તે ઓગસ્ટ 2021માં અફઘાનિસ્તાનથી અમેરિકા આવ્યો હતો. તેણે 2024માં શરણાર્થીના દરજ્જા માટે અરજી કરી હતી અને તેને આ જ વર્ષે મંજૂરી મળી હતી.

હુમલો ફેરાગટ વેસ્ટ મેટ્રો સ્ટેશન પાસે થયો, જ્યાં લાકનવાલ થોડા સમય સુધી રાહ જોતો રહ્યો અને પછી અચાનક 2:15 વાગ્યાની આસપાસ તેણે ગોળીબાર શરૂ કરી દીધો. ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, તેણે પહેલા એક મહિલા ગાર્ડને છાતીમાં ગોળી મારી અને પછી માથામાં. આ પછી તેણે બીજા ગાર્ડ પર ફાયર કર્યું.

એ જ સમયે નજીકમાં હાજર ત્રીજા ગાર્ડે દોડીને હુમલાખોરને




કાબૂમાં કરી લીધો. ધરપકડ થતાં પહેલાં લાકનવાલને ચાર ગોળી વાગી અને તેને લગભગ કપડાં વિના જ એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવ્યો.

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ આ મામલાને આતંકવાદી હુમલા તરીકે તપાસી રહ્યું છે. હુમલા પછી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પેન્ટાગોનને નિર્દેશ આપ્યો કે વોશિંગ્ટન DCમાં સુરક્ષા વધારવા માટે 500 વધારાના નેશનલ ગાર્ડ્સ મોકલવામાં આવે. ટ્રમ્પે કહ્યું કે આરોપી એની ભારે કિંમત ચૂકવશે.

APના સમાચાર મુજબ, એક અધિકારીએ નામ ન છાપવાની શરતે જણાવ્યું કે એક ગાર્ડને માથામાં ગોળી વાગી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે શંકાસ્પદને જાનવર કહ્યો છે. તેમણે કહ્યું હતું કે તે એની ખૂબ મોટી કિંમત ચૂકવશે.

ટ્રમ્પે ટ્રુથ પર લખ્યું- અમારા મહાન નેશનલ ગાર્ડ અને સુરક્ષા દળો પર ગર્વ છે. હું અને મારી આખી ટીમ તેમની સાથે છીએ. આ સમગ્ર રાષ્ટ્ર વિરુદ્ધનો અપરાધ છે. આ માનવતા વિરુદ્ધનો અપરાધ છે.

રિપોર્ટ અનુસાર, લાકનવાલ ઓપરેશન એલાઈઝ વેલકમ પ્રોગ્રામ હેઠળ અમેરિકા આવ્યો હતો. તેને વોશિંગ્ટનના બેલિંગહામમાં વસાવવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે લખનવાલે એકલા હાથે આ હુમલો કર્યો હતો અને અત્યારસુધી તેનો હેતુ સ્પષ્ટ નથી.

NBC અને વોશિંગ્ટન પોસ્ટનું કહેવું છે કે FBI આ મામલાની આતંકવાદી હુમલા તરીકે તપાસ કરી રહી છે. ટ્રમ્પે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનની ટીકા કરતા દાવો કર્યો હતો કે શંકાસ્પદને બાઈડન પ્રશાસનના સમયમાં અમેરિકા લાવવામાં આવ્યો હતો.

વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડની તહેનાતી છેલ્લા કેટલાક મહિનાઓથી વિવાદનો વિષય રહી છે. ટ્રમ્પ પ્રશાસને વધતા અપરાધનો હવાલો આપીને ઓગસ્ટમાં આદેશ જાહેર કરીને ડીસી પોલીસને ફેડરલાઈઝ કરતાં 8 રાજ્ય અને કોલંબિયામાંથી નેશનલ ગાર્ડ બોલાવ્યા હતા, જોકે આદેશ એક મહિના પછી સમાપ્ત થઈ ગયો હતો, પરંતુ સૈનિકો તહેનાત રહ્યા.

વળી, ગયા અઠવાડિયે એક ફેડરલ જજે વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડની તહેનાતી સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ અપીલની સંભાવના જોતાં આદેશને 21 દિવસ માટે રોકી દેવામાં આવ્યો. આ દરમિયાન ફાયરિંગની આ ઘટના સામે આવી.

6 ઓગસ્ટે અમેરિકાના જ્યોર્જિયા રાજ્યમાં ફોર્ટ સ્ટીવર્ટ મિલિટરી બેઝ પર એક હુમલાખોરે ગોળીબાર કર્યો હતો, જેમાં પાંચ સૈનિક ઘાયલ થયા હતા. હુમલા બાદ મિલિટરી બેઝના કેટલાક ભાગોને સીલ કરી દેવામાં આવ્યા હતા.

તમામ ઘાયલ સૈનિકોની ઘટનાસ્થળે જ તાત્કાલિક સારવાર કરવામાં આવી હતી અને બાદમાં તેમને વધુ સારવાર માટે વિન આર્મી કોમ્યુનિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હુમલાખોર પણ પકડાઈ ગયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે પણ સૈનિક જ હતો.

વ્હાઈટ હાઉસનાં પ્રવક્તા કેરોલિન લેવિટે X પર લખ્યું હતું કે સરકાર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. જ્યોર્જિયામાં ત્રણ શાળામાં પણ લોકડાઉન લગાવી દેવામાં આવ્યું છે.

# જર્મનીએ કહ્યું- રશિયા યુદ્ધ સમાપ્ત કરવા તૈયાર નથી

## દેશનું સંરક્ષણ બજેટ વધારવાની જાહેરાત, 2029 સુધીમાં પુતિન નાટો પર હુમલો કરી શકે છે

**બર્લિન, તા.27**

જર્મનીએ રશિયા પર આરોપ લગાવ્યો છે કે તે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ પણ પ્રકારનો કરાર કરવા તૈયાર નથી દેખાઈ રહ્યું.

બુધવારે જર્મનીના રક્ષા મંત્રી બોરિસ પિસ્ટોરિયસે સંસદમાં કહ્યું કે રશિયાએ યુક્રેન માટે તૈયાર કરવામાં આવેલી નવી શાંતિ યોજના પર કોઈ સકારાત્મક પ્રતિક્રિયા આપી નથી.

તેમણે કહ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નિવેદનોમાં શાંતિની કોઈ ઈચ્છા દેખાતી નથી. બોરિસે કહ્યું, બોરિસે જણાવ્યું કે આ જ કારણથી જર્મની પોતાના રક્ષા બજેટમાં વધારો કરશે. સાથે જ યુક્રેનને સૈન્ય મદદ પણ વધારશે.

જર્મનીના વિદેશ મંત્રી યોહાન વેડફુલે મંગળવારે ચેતવણી આપી છે કે રશિયા આગામી ચાર વર્ષમાં કોઈ પણ નાટો દેશ પર હુમલો કરી શકે છે. તેમણે આ વાત બર્લિન ફોરેન પોલિસી ફોરમમાં કહી.

વેડફુલે જણાવ્યું કે જર્મન ગુપ્તચર એજન્સીઓ અનુસાર રશિયા 2029 સુધીમાં નાટો વિરુદ્ધ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. તેમનું કહેવું છે કે રશિયાની મહત્વાકાંક્ષા માત્ર યુક્રેન સુધી સીમિત નથી. તેણે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની



સૈન્ય તાકાત અને હથિયાર ઉત્પાદન ઘણું વધાર્યું છે.

તેમણે કહ્યું કે રશિયાએ પોતાની અર્થવ્યવસ્થા અને સમાજને મોટાભાગે યુદ્ધ અનુસાર ઢાળી દીધો છે. આ સાથે, રશિયા જરૂરિયાત કરતાં વધુ સૈનિકોની ભરતી કરી રહ્યું છે. લગભગ દર મહિને એક નવી ડિવિઝન તૈયાર કરવામાં આવી રહી છે. નાટોના મહાસચિવ માર્ક રૂટેએ કહ્યું છે કે યુક્રેન યુદ્ધમાં જો શાંતિ કરાર પણ થઈ જાય, તો પણ રશિયા યુરોપ માટે લાંબા સમય સુધી ખતરો બની રહેશે. તેમણે આ નિવેદન બ્રસેલ્સમાં સ્પેનિશ અખબાર એલ પાઈસને આપેલા ઈન્ટરવ્યૂમાં આપ્યું હતું.

રુટેએ એમ પણ કહ્યું કે યુરોપનો કોઈ પણ દેશ એવું ન વિચારે કે તે સુરક્ષિત છે. તેમણે કહ્યું કે રશિયન મિસાઈલો થોડી જ મિનિટોમાં કોઈ પણ યુરોપિયન શહેર સુધી પહોંચી શકે છે. રુટેએ યુક્રેન મુદ્દે ટ્રમ્પના રાજદ્વારી પ્રયાસોની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે નવો શાંતિ પ્રસ્તાવ આગળની વાતચીત માટે એક સારી શરૂઆત છે.

તેમણે કહ્યું કે ટ્રમ્પે નાટો દેશો પર સંરક્ષણ ખર્ચ વધારવા માટે જે દબાણ કર્યું હતું, તે બિલકુલ જરૂરી હતું. તેમણે નાટોના સભ્ય દેશ સ્પેનને આવનારા સમયમાં પોતાનું સંરક્ષણ બજેટ વધારવાની પણ સલાહ આપી.

# PAKના પૂર્વ PM ઈમરાન ખાનના મૃત્યુની અફવા તેજ થઈ

## જેલતંત્રએ કહ્યું, તેમની તબિયત ઠીક, સમર્થકો મુલાકાત પર અડગ, બહેનો બોલી- સત્ય જણાવો

**ઈસ્લામાબાદ, તા.27**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના મૃત્યુને લઈને સોશિયલ મીડિયા પર અફવાઓ તેજ થઈ ગઈ છે. ઈમરાન ઑગસ્ટ 2023થી રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ છે.

કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમની તબિયત ઠીક નથી. છેલ્લાં 3 અઠવાડિયાંથી ઈમરાન ખાનની બહેનો તેમને મળવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ જેલ પ્રશાસન એની મંજૂરી આપતું નથી. આ જ કારણસર ઈમરાનની તબિયતને લઈને ચર્ચા તેજ થઈ ગઈ છે.

ઈમરાન ખાનની બહેનોએ સરકાર પાસે સત્ય જણાવવાની માગ કરી છે. તણાવ વધ્યા પછી જેલ પ્રશાસને કહ્યું હતું કે ઈમરાન ખાનની તબિયત બિલકુલ ઠીક છે.

ઈમરાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)એ પણ ઈમરાનની તબિયત વિશેની તાજેતરની અફવાઓ અંગે સરકાર પાસેથી સ્પષ્ટતા માગી છે, સાથે જ પ્રશાસન પાસેથી પૂર્વ વડાપ્રધાન



અને તેમના પરિવાર વચ્ચે મુલાકાતની વ્યવસ્થા કરવાની માગણી કરી છે. PTI બોલ્યું- ઈમરાન સાથે અનિચ્છનીય ઘટના બની તો સહન નહીં કરીએ PTI (પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ) અનુસાર, કેટલાક વિદેશી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા ઈમરાન ખાનના મૃત્યુ સુધીના સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા અને માનવાધિકારોનું ઉલ્લંઘન છે. પાર્ટીએ કડક ચેતવણી આપી છે કે ઈમરાન ખાનની સુરક્ષા, સ્વાસ્થ્ય અને બંધારણીય અધિકારોની જવાબદારી સીધી સરકાર પર છે. જો કોઈ અનિચ્છનીય ઘટના બની તો તેને સહન કરવામાં આવશે નહીં.

PTIએ અફવા ફેલાવનારાઓની તપાસ કરાવવાની પણ માગ કરી છે. ધરણાં પર બેઠેલી ઈમરાનની બહેનો પર લાઠીચાર્જ ઈમરાન ખાનની બહેનો અલીમા ખાન, નોરીન નિયાઝી અને ડૉ. ઉઝમા ખાન છેલ્લા ઘણા દિવસોથી અડિયાલા જેલની બહાર ધરણાં કરી રહી છે, પરંતુ તેમને ભાઈને મળવાની મંજૂરી મળી નથી.

તેમની બહેનોએ આરોપ લગાવ્યો કે ધરણાં દરમિયાન તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને તેમને રસ્તા પર ખેંચીને ઘસડવામાં આવી. તેમણે આને ક્રૂરતા ગણાવી અને કહ્યું છે કે આ બધું ઈમરાનને પરિવારથી અલગ કરવાની ષડયંત્રનો ભાગ છે.

# 22 દિવસમાં 7 રાજ્યોમાં 25 BLOના મોત

## મધ્ય પ્રદેશમાં સૌથી વધુ 9 લોકોના જીવ ગયા, યુપી-ગુજરાતમાં 4-4 મોત

**નવી દિલ્હી, તા.27**

દેશના 12 રાજ્યોમાં 51 કરોડથી વધુ મતદારોના ઘરે દસ્તક આપી રહેલા 5.32 લાખથી વધુ BLOs પર કામના દબાણનો આરોપ વધુ ઘેરો બની રહ્યો છે. SIRના 22 દિવસમાં 7 રાજ્યોમાં 25 BLOsના મૃત્યુએ ચિંતા વધારી દીધી છે.

જ્યારે, તૃણમૂલ કોંગ્રેસે ફક્ત પશ્ચિમ બંગાળમાં 34 લોકોના મૃત્યુનો દાવો કર્યો. આ મૃત્યુ પર રાજકારણ જોરશોરથી ચાલી રહ્યું છે. બીજી તરફ, ચૂંટણી પંચ જિલ્લા અને રાજ્યોના અહેવાલની રાહ જોઈ રહ્યું છે. પંચના સૂત્રોનું કહેવું છે કે અત્યાર સુધી કામના દબાણથી કોઈ મૃત્યુની પુષ્ટિ થઈ નથી.

પશ્ચિમ બંગાળના મંત્રી અરુપ બિસ્વાસે કહ્યું છે કે SIRના કારણે રાજ્યમાં 34 લોકોએ જીવ ગુમાવ્યા. CM મમતા બેનર્જીએ કહ્યું કે તેનો ઉદ્દેશ્ય 'પાછળના દરવાજેથી NRC લાગુ કરવું' અને ડર પેદા કરવાનો છે.

જ્યારે ભાજપ IT સેલના પ્રમુખ અમિત માલવિયાએ કહ્યું કે TMCના દબાણમાં નકલી અને શંકાસ્પદ નામો ઉમેરવામાં આવી રહ્યા છે. નિષ્ણાતો બોલ્યા- જો આયોગ ધ્યાન આપે તો થોડી સરળતા થઈ શકે છે પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવતે કહ્યું- જો આયોગ ધ્યાન આપે તો થોડી સરળતા થઈ શકે છે. જેમ કે, મધ્ય પ્રદેશમાં BLOને એપમાં કેપ્ચા ભરવામાં સમસ્યા આવી રહી હતી. તેને હટાવવાથી કામ સરળ થઈ ગયું. મોટી સંખ્યામાં ફોર્મ અપલોડ કરવાથી સર્વર ડાઉન થઈ જાય છે. આવા કિસ્સામાં, ફોર્મ અપલોડ કરવાનું કામ રાત્રે કરીને તેને ઠીક કરવામાં આવ્યું. શિક્ષકો પર શાળાઓમાં ડિસેમ્બરમાં કોર્સ પૂરો કરાવવાનું પણ દબાણ છે. ડેડલાઈન માથા પર છે. BLO પોતાના સ્તરે ઉકેલ શોધી રહ્યા છે, જ્યારે આ કામ સિસ્ટમ દ્વારા થવું જોઈતું હતું.

ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં સોમવારે ઝેર ખાઈને આત્મહત્યા



કરનાર BLO અને શિક્ષક વિપિન યાદવના પિતા સુરેશ યાદવે પ્રશાસન પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું- દીકરાએ મરતા પહેલા ફોન પર કહ્યું હતું કે SDM અને BDO મતદાર યાદીમાંથી OBC મતદારોના નામ હટાવવા અને સામાન્ય વર્ગના નામ વધારવા માટે દબાણ કરી રહ્યા છે. ના પાડવા પર તેને સસ્પેન્શન અને ધરપકડની ધમકી આપવામાં આવી હતી. વિપિનની પત્ની સીમાએ પણ જણાવ્યું કે અધિકારીઓ આધાર ન આપનારાઓના નામ પણ જોડવાનું કહેતા હતા. પતિ ખૂબ દબાણમાં હતા.

26 નવેમ્બરે યુપીના બરેલીમાં BLO સર્વેશ ગંગવાર (47) અચાનક પડી ગયા. હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું. તેમના ભાઈ યોગેશે કહ્યું- SIRનું દબાણ છે, મોડી રાત સુધી કામ કરાવતા હતા. BLOના મૃત્યુથી ચિંતા એટલા માટે પણ વધી રહી છે, કારણ કે આવતા વર્ષથી દેશભરમાં વસ્તી ગણતરી શરૂ થશે. તેમાં પણ સૌથી મોટો બોજ શિક્ષકો પર હશે.

અહીં ચૂંટણી પંચે બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલય પર વિરોધ પ્રદર્શનને ગંભીર સુરક્ષા ઉલ્લંઘન ગણાવતા કોલકાતા પોલીસ કમિશનર પાસેથી 48 કલાકમાં કાર્યવાહી રિપોર્ટ માંગી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું- SIR પહેલીવાર, આ પડકારનો આધાર નથી સુપ્રીમ કોર્ટે કહ્યું કે SIRને એમ કહીને પડકારી શકાય નહીં કે આવું પહેલા ક્યારેય બન્યું નથી. પંચ પાસે ફોર્મ 6માં નોંધાયેલ પ્રવેશોની શુદ્ધતા તપાસવાની બંધારણીય સત્તા છે. તે કોઈ નામાંકન માત્ર એટલા માટે સ્વીકારવા બંધાયેલું નથી કે ફોર્મ ભરી દેવામાં આવ્યું છે.

CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે કહ્યું- આધાર નાગરિકતાનો પુરાવો નથી. માત્ર લાભ મેળવવા માટે આપવામાં આવેલ 'આધાર' મતદાર બનાવવાનો સ્વતઃ આધાર બની શકે નહીં. જો કોઈ મતદારનું નામ દૂર કરવામાં આવશે, તો તેને પૂર્વ સૂચના આપવી ફરજિયાત છે.

# ફરીદાબાદમાં ડો. મુઝમ્મિલના વધુ 2 ઠેકાણાઓનો ખુલાસો : ભૂતપૂર્વ સરપંચ પાસેથી મકાન ભાડે લીધું, કહ્યું- કાશમીરી ફળ રાખીશું; શાહીન સાથે આવ્યો

**ફરીદાબાદ, તા.27**

દિલ્હી બ્લાસ્ટના આતંકી મોડ્યુલની તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ 2 મોટા ખુલાસા કર્યા છે. બંને ખુલાસા અલ-ફલાહ યુનિવર્સિટીના ધરપકડ કરાયેલા સર્જન ડો. મુઝમ્મિલ શકીલને લઈને છે. પહેલો તો એ છે કે તેણે હરિયાણામાં ફરીદાબાદના ફતેહપુર તગા અને ધૌજમાં જ નહીં પરંતુ ખોરી જમાલપુર ગામમાં પણ એક ઠેકાણું ભાડે રાખ્યું હતું.

અહીં પૂર્વ સરપંચ જુમ્માનું 3 બેડરૂમ, કિચન, હોલવાળું મકાન એવું કહીને ભાડે લીધું હતું કે કાશ્મીરી ફળોનો વેપાર કરશે. આ મકાનમાં મુઝમ્મિલ ઘણી વાર ડો. શાહીન સઈદ સાથે આવ્યો હતો.

બીજો ખુલાસો એમોનિયમ નાઈટ્રેટને લઈને છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આતંકી મોડ્યુલે ફતેહપુરા તગા અને ધૌજમાં વિસ્ફોટક બનાવવાનો સામાન છુપાવતા પહેલાં તેને યુનિવર્સિટી પાસે જ સ્ટોર કરીને રાખ્યો હતો.

લગભગ 2540 કિલો વિસ્ફોટક અલ-ફલાહ યુનિવર્સિટીને અડીને આવેલા ખેતરોમાં બનેલા એક રૂમમાં લગભગ 12 દિવસ સુધી રાખવામાં આવ્યો હતો. આ પછી ચોરી થવાના કે કોઈને ખબર પડવાના ડરથી ફતેહપુર તગા ગામમાં





ઈમામ ઈશ્તિયાકના જૂના ઘરમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં જ તૈયાર કરાયેલો વિસ્ફોટક દિલ્હી બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયો હતો.

8 હજાર રૂપિયામાં પૂર્વ સરપંચે મકાન ભાડે લીધું NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે ડો. મુઝમ્મિલ શકીલે એપ્રિલથી લઈને જુલાઈ 2025 સુધી અલ-ફલાહ યુનિવર્સિટીથી લગભગ 4 કિલોમીટરના અંતરે ત્રણ બેડરૂમનું મકાન 8 હજાર રૂપિયા પ્રતિ મહિનાના હિસાબે ભાડે લીધું હતું. આ મકાન ખોરી જમાલપુર ગામના પૂર્વ સરપંચ જુમ્માનું છે. જુમ્માની રોડ પર પ્લાસ્ટિક રો મટિરિયલની ફેક્ટરી છે. આના ઉપર આ રૂમ બનેલા છે.

ફળનો વેપાર કરવાની વાત કરી જુમ્માએ જણાવ્યું કે ડો. મુઝમ્મિલ શકીલે તેમને કહ્યું હતું કે તે કાશ્મીરી ફળોનો વેપાર અહીં કરવા માગે છે. આ માટે તેમને વધુ જગ્યાની જરૂર છે. કાશ્મીરના ફળો મગાવીને તે અહીંના બજારમાં સપ્લાય કરશે. પરંતુ, લગભગ અઢી મહિના પછી તેણે એમ કહીને રૂમ ખાલી કરી દીધો કે અહીં ગરમી વધારે છે.

ભત્રીજાની સારવાર દરમિયાન મુઝમ્મિલ અને ઉમરને મળ્યા જુમ્માએ NIAને જણાવ્યું કે તે મુઝમ્મિલને પહેલાથી ઓળખતા ન હતા. તેના ભત્રીજાની કેન્સરના કારણે તબિયત ખરાબ હતી, જેને લઈને તે અલ-ફલાહ હોસ્પિટલમાં ગયા હતા. હોસ્પિટલમાં તેમની મુલાકાત ડો. મુઝમ્મિલ સાથે થઈ હતી. હોસ્પિટલમાં જ તેમની મુલાકાત ડો. ઉમર નબી સાથે થઈ હતી. સારવાર દરમિયાન મુઝમ્મિલ સાથે વધુ સંપર્ક રહ્યો હતો.

આ પછી બંનેની ઓળખાણ સારી થઈ ગઈ. જુલાઈ મહિનામાં તેમના ભત્રીજાનું અવસાન થયું. જુમ્માએ એ પણ જણાવ્યું કે મુઝમ્મિલ ઘણી વાર તેમની ઓફિસ પર પણ આવ્યો હતો.

ડો. શાહીન સાથે રૂમ પર જતો હતો જુમ્માએ જણાવ્યું કે જ્યારે મુઝમ્મિલે ભાડે મકાન લીધું, ત્યારે તેની સાથે એક મહિલા પણ આવી હતી. મહિલાને તેણે પોતાના પરિવારની સભ્ય ગણાવી હતી. પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે તે મહિલા બીજું કોઈ નહીં પણ અલ-ફલાહ યુનિવર્સિટીની ડો. શાહીન સઈદ હતી. તપાસમાં જાણવા મળ્યું કે તે ભાડે મકાન લીધા પછી શાહીન સાથે ઘણી વાર અહીં આવ્યો હતો.

લગભગ 3 મહિના પછી મકાન ખાલી કર્યું જુમ્માએ જણાવ્યું કે લગભગ 3 મહિના પછી મુઝમ્મિલએ તેમનું મકાન ખાલી કરી દીધું. જ્યારે તેમનું મકાન ખાલી કરવામાં આવ્યું ત્યારે 15 દિવસ ઉપર થઈ ગયા હતા. તેમણે તેનું ભાડું તેમની પાસેથી ન લીધું, કારણ કે તે ડોક્ટર હતા.

જ્યારે રૂમ ખાલી કરીને ગયો ત્યારે તે રૂમમાં રાખેલો ગાદલો, કુલર અને ચાદર પણ પોતાની સાથે લઈ ગયો. જુમ્મા મુજબ તપાસ અધિકારીઓ ઘણા કલાકો સુધી તેમની પાસે રોકાયા અને પૂછપરછ પછી ત્યાંથી ચાલ્યા ગયા.

ખેતરો પર બનેલા રૂમમાં વિસ્ફોટક રાખવામાં આવ્યો હતો અલ-ફલાહ યુનિવર્સિટીની ચારે બાજુ ખેતરો છે. યુનિવર્સિટીની મસ્જિદ પાસે તગા ગામના રહેવાસી ખેડૂત બદરૂની જમીન છે. મુઝમ્મિલએ એમોનિયમ નાઈટ્રેટના કટ્ટાઓને અહીંયા લાવીને રાખ્યા હતા. ડો. મુઝમ્મિલની ગાડીમાંથી સાંજના સમયે કટ્ટાઓને અહીંયા ઉતારવામાં આવ્યા હતા.

ખેડૂત બદરૂના ખેતરો મસ્જિદની નજીક છે. બદરૂ નમાઝ પઢવા મસ્જિદમાં આવતો હતો. અહીં જ ડો. મુઝમ્મિલે તેની સાથે સંપર્ક કર્યો અને એમોનિયમ નાઈટ્રેટના કટ્ટાઓને થોડા દિવસ રાખવા માટે તેને રાજી કરી લીધો. આ જગ્યા પૂરી પાડવામાં ઈમામ ઈશ્તિયાકે મદદ કરી હતી.

લગભગ 12 દિવસ સુધી કટ્ટા રાખવામાં આવ્યા હતા તપાસમાં જાણવા મળ્યું છે કે બદરુના ખેતરમાં બનેલા રૂમ (કોઠાર)માં લગભગ 12 દિવસ સુધી એમોનિયમ નાઈટ્રેટના કટ્ટા સહિતનો અન્ય સામાન રાખવામાં આવ્યો હતો. વધુ દિવસો વીતી ગયા પછી બદરુએ મુઝમ્મિલને કહ્યું કે સામાન ચોરાઈ જવાનો ડર છે, તેથી તમારો સામાન અહીંથી હટાવી લો. આ પછી મુઝમ્મિલે આખો સામાન ફતેહપુર તગા ગામમાં ઈમામ ઈશ્તિયાકના ઘરના રૂમમાં ખસેડી દીધો.

## તંત્રી લેખ


# ડાયાબિટીસ-કેન્સરના દર્દીઓને અમેરિકાના વિઝા નહીં મળે

ડાયાબિટીસ, સ્થૂળતા અને કેન્સર જેવી બીમારીઓથી પીડિત લોકોને હવે અમેરિકામાં પ્રવેશવામાં મુશ્કેલી પડી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે શુક્રવારે વિશ્વભરના યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને નિર્દેશ આપ્યો હતો કે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને અમેરિકામાં મુસાફરી કરવા કે રહેવાની મંજૂરી ન આપવામાં આવે. આ નિયમ 'પબ્લિક ચાર્જ' નીતિ પર આધારિત છે, જેનો ઉદ્દેશ એવા ઈમિગ્રન્ટ્સને રોકવાનો છે જેઓ યુએસ સરકારી સંસાધનો પર નિર્ભર બની શકે છે. તે વિઝા અધિકારીઓને અરજદારોના સ્વાસ્થ્ય, ઉંમર અને નાણાકીય સ્થિતિની તપાસ કરવાની સલાહ આપે છે. જો કોઈ વ્યક્તિને ભવિષ્યમાં ખર્ચાળ તબીબી સંભાળની જરૂર પડે અથવા સરકારી સહાય પર નિર્ભર બને તો તેમના વિઝા રિજેક્ટ કરવામાં આવશે. વિઝા અધિકારીઓ નક્કી કરશે કે ઈમિગ્રન્ટ્સ સરકાર પર બોજ છે કે નહીં, અધિકારીઓને આપવામાં આવેલા નિર્દેશમાં જણાવાયું છે કે અરજદારના સ્વાસ્થ્યને ધ્યાનમાં લેવું મહત્ત્વપૂર્ણ છે. હૃદયરોગ, શ્વસન સમસ્યાઓ, કેન્સર, ડાયાબિટીસ, મેટાબોલિક રોગો, ન્યુરોલોજિકલ રોગો અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી તબીબી પરિસ્થિતિઓ લાખો ડોલરના ખર્ચે સંભાળની જરૂરિયાત તરફ દોરી શકે છે. વધુમાં, અધિકારીઓ સ્થૂળતા જેવી પરિસ્થિતિઓને પણ ધ્યાનમાં લેશે, કારણ કે એ અસ્થમા, સ્લીપ એપનિયા અને હાઈ બ્લડપ્રેશર જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. નવા નિર્દેશો હેઠળ, અધિકારીઓએ નક્કી કરવું પડશે કે શું સ્થળાંતર કરનારી વ્યક્તિ 'પબ્લિક ચાર્જ' બની શકે છે, જેનો અર્થ સરકારી સંસાધનો પર બોજ છે અને શું તેમને ખર્ચાળ લાંબા ગાળાની સંભાળની જરૂર પડશે. અહેવાલ મુજબ, 'વિઝા અધિકારીઓને એ પણ તપાસવાનું કહેવામાં આવ્યું છે કે શું અરજદાર સરકારી સહાય વિના તેમના જીવનભર પોતાના તબીબી ખર્ચાઓનો સામનો કરી શકે છે. વધુમાં, બાળકો અથવા વૃદ્ધ માતાપિતા જેવા પરિવારના સભ્યોના સ્વાસ્થ્યને પણ ધ્યાનમાં લેવાની જરૂર પડશે.' વિઝા અધિકારીઓ આરોગ્યની સ્થિતિ તપાસવા માટે તાલીમ પામેલા નથી લીગલ ઈમિગ્રેશન નેટવર્કના સિનિયર એટર્ની ચાર્લ્સ વ્હીલરે આને ચિંતાનો વિષય ગણાવ્યો અને કહ્યું કે વિઝા અધિકારીઓ સ્વાસ્થ્ય સ્થિતિ તપાસવા માટે તાલીમ પામેલા નથી. વ્હીલરે કહ્યું- 'અધિકારીઓ પાસે આ રોગ કેટલો ખતરનાક છે અથવા એ સરકારી સંસાધનોને કેટલી અસર કરશે એનું મૂલ્યાંકન કરવાનો અનુભવ નથી' આ દરમિયાન જ્યોર્જટાઉન યુનિવર્સિટીના ઈમિગ્રેશન વકીલ સોફિયા ગેનોવેસે જણાવ્યું હતું કે ગ્રીન કાર્ડ પ્રક્રિયામાં તબીબી રેકોર્ડ જરૂરી છે, પરંતુ આ નિર્દેશ અરજદારોના તબીબી ખર્ચ અને યુએસમાં નોકરી શોધવાની તેમની ઈચ્છાના આધારે તેમના તબીબી ઈતિહાસને ઘટાડવા પર ભાર મૂકે છે. જેનોવેસે કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિને ડાયાબિટીસ અથવા હૃદયની સમસ્યાઓ હોઈ શકે છે. સ્વાસ્થ્યની સ્થિતિ અગાઉ તપાસવામાં આવી હતી, પરંતુ 'જો કોઈ અચાનક ડાયાબિટીસના આઘાતમાં જાય તો શું?' જો આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવામાં આવે તો એ વિઝા ઈન્ટરવ્યૂ દરમિયાન ઘણી સમસ્યાઓ ઊભી કરશે.

# હમણાં ગયેલ 21 નવેમ્બર મહિલાઓ સાથે થતી ઘરેલું હિંસા વિરુદ્ધની જાગૃતિ માટેનો હતો,!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં 21 નવેમ્બરનો દિવસ ઘરેલુ હિંસા વિરુદ્ધ મહિલાઓમાં જાગૃતિ આવે એ માટેનો ગયો. મહિલાઓ વિરુદ્ધનાં હિંસક ગુનાઓમાં ઘરેલુ હિંસાનાં કિસ્સા વર્ષોવર્ષ સતત મોખરે હોય છે. ગયા વર્ષના ઉપલબ્ધ આંકડા અનુસાર, ઘરેલુ હિંસાની કુલ 1,12,292 ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ હતી. તેનો અર્થ એ થયો કે ગયા વર્ષે લગભગ દર પાંચ મિનિટે ઘરેલુ હિંસાની એક ફરિયાદ નોંધાઈ હતી. આપણને સૌને આશ્ચર્ય થશે, પરંતુ, 21 મી સદીમાં પણ ઘરેલુ હિંસાનું પ્રમાણ ઘટયું નથી. હાં કારણ કદાચ જુદું છે, કે પહેલા સ્ત્રીને ગમાર કહી પ્રતાડિત કરવામાં આવતી, અને આજે વધુ એડવાન્સ થતી જાય છે એ કારણ છે. ખાસ કરીને ગૃહિણીઓથી રસોઈમાં મીઠું વધુ ઓછું થાય તો પણ એની મારઝૂડ કરવામાં આવે છે. હિંસા શબ્દનો સીધો સાદો અર્થ મારવું અથવા તો ઘાત પહોંચાડવી એવો થાય, અને અહિંસા એટલે આવું ન કરવું, તેને અહિંસા કહેવાય, પરંતુ હિંસાનો અર્થ હજી ઘણો સુક્ષ્મ છે. જેમ જંગલી પશુ જંગલમાંથી બહાર આવી અને પ્રજાને સંતાપતો હોય, એ રીતે માનવી માંથી પશુ બહાર આવીને શારિરીક કે માનસિક હિંસા કરાવી જાય છે, અને આવા ઉપદ્રવિતને આપણે ત્યાં પકડીને જેલમાં પૂરવામાં આવે છે, પણ ક્યારેક આરોપીની બદલે બે ગુન્હાને સજા થાય છે.

હિંસા કોને કહેવાય? એવો એક પ્રશ્ન થાય. મોટે ભાગે માનવ દેહની હત્યાં ને આપણે ત્યાં હિંસા કહેવામાં આવે છે. એટલે કે કોઈનું ખૂન કરનાર હિંસક છે, એવી એક પ્રણાલી મુજબ ન્યાયતંત્ર કામ કરે છે. દિવસે દિવસે ઘરેલુ હિંસાનાં કિસ્સા વધતા સ્ત્રી પક્ષે બહુ મજબૂત કાયદાઓ બન્યા છે. પણ છતાં પણ અન્યાય થતો જોવા મળે છે. હા ક્યારેક કેસ દાખલ કર્યા પછી લાંબા સમયે ન્યાય મળતો હોય છે,એ એક જુદી વાત છે! તો ક્યારેક હિંસા નું કારણ વ્યાજબી પણ હોય છે! અથવા તો સ્ત્રી પણ વિદ્રોહી બની બદલો લેતી જોવા મળે છે.

સામાન્ય રીતે હિંસા માટે તમોગુણ જવાબદાર છે અને માંસાહારી,અને મિશ્રહારી લોકો સમાજમાં વસે છે. અમુક ધર્મ ચાતુર્માસમાં લીલોતરી પણ ન ખાવી એટલી હદે અહિંસાને માનનારા હોય છે, જ્યારે અમુક લોકો તો એમ કહે છે કે અમારા તો ધર્મમાં જ કહ્યું છે કે, માંસ માછલી ખાવાં, અને પરંતુ હિંસાનો હજી સૂક્ષ્મ અર્થ કરીએ તો કોઈનું દિલ દુભાવવું એ પણ થાય, જેમ સ્થૂળ શરીરનાં ઘાતને હિંસા કહેવામાં આવે, એમ સૂક્ષ્મ શરીર પર ઘાત થાય તો એ પણ હિંસા છે, અને સુધરેલા શિક્ષિત સમાજમાં હિંસાનો આ જ અર્થ કરી લોકો ચાલે તો આજના સમાજમાં ઘણા ઘર વિચ્છેદ થતા બચી જાય, લગ્ન વિચ્છેદ થતા બચી જાય, અને ઘણા સંબંધો પણ તૂટતા બચે. નિંદા એ વાણીનો દોષ છે, ક્રોધમાં બોલવામાં આવેલા વચન પણ અસત્ય કે વાણીના દોષમાં ગણવામાં આવે છે, અને ખોટેખોટી થતી વાહવાહી કે પ્રશંસા પણ વાણી નો દોષ છે. તો આ બધું જ જે તે વ્યક્તિ સાથે કરવામાં આવે, અને તેનું દિલ દુભાય તો આપણે હિંસા કરી કહેવાય, અને જો આપણે આવી વાતનો સુધરો કરીએ નહીં તો આગળ જતાં હિંસક થવાની સંભાવના વધી જાય છે. સ્વભાવનું હિંસક પણું આપણને નરમાંથી પશુ બનાવે છે, અને એમ જ નાની વાતમાં ઘરેલું હિંસા થતી હોય છે, જોકે દરેક વખતે પુરુષનો જ દોષ હોય છે, એવું પણ હવે રહ્યું નથી, પણ બને ત્યાં સુધી કોઈને શારિરીક કે માનસિક હેરાન ન કરીએ, બધાને માન સન્માન આપીએ એ અહિંસા છે, અને આ રીતે અહિંસાનો સુક્ષ્મ અર્થ સમજીને જો આજીવન વ્રત કરવામાં આવે તો તળેટીમાં પણ શિખરે પહોંચ્યાનો આનંદ પ્રાપ્ત થાય છે, અને શિખર જેટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને આવાં મિતભાષી લોકોને સમાજમાં લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે.

હિંસા અને અહિંસા બંનેનો યથાર્થ ભાવ સમજવા એક ઉદાહરણ જોઈએ. એકવાર એક જજ સાહેબ હત્યાનાં બહુ લાંબા સમયથી ચાલતાં કેસમા ફેસલો આપ્યો, અને સાચા આરોપીને આજીવન કેદની સજા આપી ઘરે આવ્યાં. પતિ-પત્ની બંને જણા ધાર્મિક વૃત્તિના હતાં, અને જીવન સંધ્યાનો સમય આવતાં, સત્સંગમાં પણ જતા હતાં. દર ગુરુવારે સ્વામીજીના આશ્રમમાં તેઓ પ્રવચન સાંભળવા આવતા હતાં, આજે ગુરુજી એ પણ હિંસા અને અહિંસા પર વાત કરી, અને કહ્યું કે ખૂંખારમાં ખૂંખાર ડાકુ પણ વાલ્મિકી ઋષિ બની શક્યો, યોગ્ય શરણું પકડવાથી બુદ્ધનાં જીવનનો પ્રસંગ ટાંકતા કહ્યું કે અંગુલીમલ પણ સજ્જન પુરુષ બન્યો, એટલે દેખીતી હિંસા ઘણીવાર કોઈ મજબૂરીને કારણે પણ થતી હોય છે, અને શાસ્ત્રોમાં તેને ક્ષમા કરી, તેને તક આપવામાં આવે છે, અને તે જીવન સુધારીને અહિંસાવાદી પણ તે બની શકે, અથવા તો અહિંસાવાદી હોય પણ પરિવારને બચાવવા માટે ક્યારેક આવું કર્મ કર્યું હોય, તો એ માફીને પાત્ર છે. જજ સાહેબને મૂંઝારો થવા લાગ્યો અને છાતીમાં દુખવા લાગ્યું, પોતાને એવો ભાવ થયો કે, એનાથી યોગ્ય ન્યાય થયો નથી, ક્યાંક ચૂક છે, અને જે તે વ્યક્તિને સજા કરવામાં આવી હતી, તેણે પોતાના પરિવાર માટે એટલે કે એની દીકરીને સાસરીમાં ત્રાસ હતો, અને એનો પતિ નામર્દ હતો, તેમજ પરિવારના અન્ય પુરુષો દ્વારા શારીરિક તેમજ માનસિક શોષણ થતું હતું, અને એમ કહો કે રોજ ઈજ્જત લૂંટાતી હતી.પરિવારની અન્ય મહિલાઓ આ બધું જાણતી હતી, છતાં ઘરેલુ હિંસાની બીકે ચૂપ હતી,! સમાજનું મોભાદાર ઘર હતું, એટલે કોઈ વકીલ કેસ લેવા તૈયાર નહોતો અને અંતે દીકરીએ આત્મહત્યા કરી લીધી કે હત્યા કરી, અને દિકરીની હત્યા માટે જવાબદાર ને સજા કરી હતી, એમ તેની આંખો કહી રહી હતી. છતાં પુરાવાને આધારે મેં તેને સજા કરી. આશ્રમમાં એકાએક આવું થતા પ્રવચન બંધ કરી દેવાયું, અને બધા સાધકો દોડાદોડી કરવાં લાગ્યાં. એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી, જજ સાહેબને હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં, તાત્કાલિક ટ્રીટમેન્ટ મળી જતા ફાયદો થયો, અને સ્વામીજી સ્વયં હાલચાલ પૂછવાં હોસ્પિટલમાં આવ્યા. જજ સાહેબ પોતાની મૂંઝવણ રજૂ કરતાં કહે છે કે, મને એવું લાગે છે કે મારાથી ખોટો ફેંસલો થયો, હિંસા અને અહિંસાના સૂક્ષ્મ ભેદ વચ્ચે ભૂલ થઈ હોય, એવું મને સતત લાગી રહ્યું છે, તો હવે શું કરવું, અથવા આ ભાવ સાચો છે કે તે ફેંસલો? સ્વામીજીએ કહ્યું, તારા અંતરની પીડા બતાવે છે કે, ફેસલો તો ખોટો થયો લાગે છે, તું અહિંસા વાદી છે, અને તું હિંસાવાદી થયો,પણ ભૂલ સુધારવા માટે, જે તે આરોપીનાં પરિવારને હાઈકોર્ટમાં અરજી કરવાનું કહે, અને ફેર સુનવણીથી ફેસલો બદલી શકાય. પછી આગળ શું થયું? એમાં આપણે જવું નથી, પરંતુ મુખ્ય વાત એ છે કે દેખીતી રીતે જે હિંસા દેખાતી હોય, તે ઘણીવાર હિંસા ન પણ હોય. આપણે તો ભણી ભણીને શાસ્ત્રનાં વિદ્વાન બની ગયાં, પણ અહમ આવતાં આપણાં મૂળ માનસિક ભાવમાં એનાથી કટોતી આવતી ગઈ, અને એને કારણે આપણે અહિંસા વાદી હોવા છતાં પળે પળે કોઈનું દિલ દુભાવવાની હિંસા કરીએ છીએ. તો એ મૂળ અર્થને પકડી અને બને ત્યાં સુધી કોઈનું પણ દીલ ન દુખાય એ રીતે જીવન જીવી, અને સંવેદનાથી સદભાવનાના આ કવચની શક્તિ વધારીએ, કાળનાં આ સંકટને આપણે માત કરી શકીએ, માનવતાનાં ધર્મને ઉજાગર કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે. રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વંદે ભારત એક્સપ્રેસમાં અમદાવાદથી વલસાડ સુધીની મુસાફરી કરી



**અમદાવાદ, તા. 27**

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે અમદાવાદથી વલસાડ સુધી પોતાના મંત્રીમંડળ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વંદે ભારત એક્સપ્રેસમાં પ્રવાસ કર્યો. મુખ્યમંત્રી એ દેશની સૌથી લોકપ્રિય પ્રીમિયમ ટ્રેન સેવાઓમાંની એક, વંદે ભારત એક્સપ્રેસની કાર્યપદ્ધતિ, આધુનિક સુવિધાઓ, ઝડપ તેમજ સંપૂર્ણ યાત્રા અનુભવનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું.

હાલ ભારતીય રેલવે નેટવર્ક પર 164 વંદે ભારત ટ્રેનો સંચાલિત છે, જેમાંથી 05 ગુજરાતમાં સંચાલિત થાય છે. ગુજરાતમાં ચાલનારી વંદે ભારત ટ્રેનોમાં 100% થી વધુ ઓક્યુપેન્સી નોંધાઈ રહી છે, જે તેની વધતી લોકપ્રિયતા અને મુસાફરોના ઊંડા વિશ્વાસને દર્શાવે છે.

યાત્રા દરમિયાન મુખ્યમંત્રી એ સહપ્રવાસીઓ સાથે વાતચીત કરી અને તેમનો પ્રતિસાદ જાણ્યો. મુસાફરોએ જણાવ્યું કે વંદે ભારત એક્સપ્રેસ અન્ય ટ્રેનોની તુલનામાં ઓછા સમયમાં અંતર કાપે છે, જેથી તેમની મુસાફરી વધુ ઝડપભરી અને આરામદાયક બને છે. મુસાફરોએ સ્વાદિષ્ટ અને ઉત્તમ ગુણવત્તાવાળા ભોજન, આરામદાયક બેઠક, સ્વચ્છ વાતાવરણ, આધુનિક ડિઝાઈન અને સમયબદ્ધતાની ખાસ પ્રશંસા કરી.

પ્રવાસીઓએ મુખ્યમંત્રી સાથે વંદે ભારત ટ્રેનને પૃષ્ઠભૂમિમાં રાખીને ફોટા પણ ક્લિક કર્યા, જેના કારણે પ્રવાસનું વાતાવરણ ઉત્સાહપૂર્ણ અને યાદગાર બની ગયું.

વંદે ભારત એક્સપ્રેસ તેની વિશ્વસ્તરીય સુવિધાઓને કારણે આજના સમયમાં ભારતની સૌથી લોકપ્રિય ટ્રેન સેવાઓમાંની એક બની ગઈ છે. તેની મુખ્ય વિશેષતાઓ–

- અત્યાધુનિક એર-કન્ડીશનિંગ સિસ્ટમ
- આરામદાયક, એર્ગોનોમિક અને રીક્લાઈનિંગ બેઠક
- ઓન-બોર્ડ માહિતી પ્રણાલી
- ઓટોમેટીક સ્લાઈડીંગ દરવાજા
- બાયો વેક્યુમ શૌચાલય
- સ્મુથ વાઈબ્રેશન ફ્રી યાત્રા
- ઉચ્ચ ઝડપથી પ્રવાસના સમયમાં ઉલ્લેખનીય ઘટાડો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આ યાત્રા વંદે ભારત એક્સપ્રેસની ઉત્કૃષ્ટ ગુણવત્તા, ઝડપી ગતિ, સુરક્ષિત સંચાલન અને આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. પશ્ચિમ રેલવે આધુનિક, સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાવાળી મુસાફરી સેવાઓ પ્રદાન કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

# ભગવાન બધાને એક જ માટીમાંથી બનાવે છે; કેટલાક બહારથી સુંદર હોય છે, તો કેટલાક અંદરથી કદરૂપા...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



શારીરબળ, બુદ્ધિબળ કરતાં જ્ઞાન બળ, પ્રેમબળ સર્વથી શ્રેષ્ઠ છે. પ્રેમબળ આગળ બીજાં બળ ગૌણ છે. દ્રવ્યબળથી કે જ્ઞાનબળ થી પરમાત્મા જીતી શકાય નહીં. પ્રેમબળથી પરમાત્માને જીતી શકાય છે. પરમાત્માની સાથે પ્રેમ કરશો અને સંયમને વધારશો એટલે તમે બલિ થશો.જીવ પ્રેમ ભાવ વધારે તો ભગવાન દુર્બળ થઈને આંગણે આવે છે. કથા સાંભળવા નીકળે અને બાળક રડે તો બાળકને રડતું મૂકી માતા કથા સાંભળવા જતી નથી.બાળકના પ્રેમ આગળ મા દુર્બળ છે.પણ છોકરો મોટો થાય,પરણે એટલે માનો પ્રેમ ભૂલી જાય છે.મોટો થાય પછી જો છોકરો કથામાં જવા ના કહેશે તો મા તેનું માનશે નહીં, કારણ કે હવે તેનો મા પરનો પ્રેમ પહેલાં જેવો નથી.મા નિર્બળ હતી,કારણકે છોકરાનો પ્રેમપ્રબળ હતો.તેવી રીતે તમે પ્રેમ બળ વધારશો,તમે બલિ થશો તો પરમાત્મા તમારા આંગણે આવશે તમારી જોડે જ રહેશે.જે સદા ચારી અને પવિત્ર જીવન ગાળે છે તેને ત્યાં ભગવાન ભિક્ષા માગવા આવે છે.

પરમાત્મા આંગણે આવે ત્યારે ત્રણ પગલાં પૃથ્વી માગે છે એટલે કે જીવ પાસે પરમાત્મા ત્રણ વસ્તુ ઓ માગે છે.તન,મન અને ધન માગે છે.એ ત્રણ ભગવાનને આપવાં જોઈએ. તનથી સેવા કરશો તો શરીરનું અભિમાન, દેહાભિમાન ઓછું થશે.મન સેવા થી અહંકાર ઓછો થાય છે.ધન થી સેવા કરશો તો ધન ઉપરની મમતા ઓછી થાય છે,પૈસા ઉપર નો મોહ નષ્ટ થાય છે.મનથી સેવા કરવાથી થાકનો અનુભવ થતો નથી.તન,મન અને ધન ભગવાનને આપે ત્યારે જ રાસલીલામાંસ્થાન મળે જીવબ્રહ્મનું મિલન થાય,માટે એ ત્રણેથી ઈશ્વરની સેવા કરો, સર્વ વસ્તુઓ ભગવાનની છે અને ભગવાનને સમર્પણ કરવાની છે. તેનું જ આપેલું તેને આપવાનું છે. હે ગોવિંદ,તારું છે ને તને જ તે સમર્યું છે.

બલિની પેઠે જે તન,મન,ધન ભગવાનને અર્પણ કરે તેના દ્વારપાળ ભગવાન બને. તેના શરીરમાં પ્રત્યેક દ્વારે ભગવાન નારાયણ બિરાજીને તેનું રક્ષણ કરે છે.ઈન્દ્રિયો તે શરીરનું એક-એક દ્વાર.આ એક-એક ઈન્દ્રિય ઉપરની રામની ચોકી બેસી જશે. એના કાનમાં કનૈયો, આંખમાં કનૈયો અને હૈયામાં કનૈયો રહેશે.

ત્રણ પગલાં પૃથ્વીનો બીજો અર્થ એવો થાય છે કે,સત્ત્વ,રજ,તમ - એ ત્રણ ગુણો ઈશ્વરને અર્પણકરો શરીરથી ભાગવત સેવા ખૂબ કરશો તો તમોગુણ ઓછો થશે. ઈશ્વરસેવામાં ધન ખૂબ વાપરશો તો રજોગુણ ઓછો થશે.તન,ધન આપો પણ મન આપશો નહીં,તો પરમાત્મા રાજી થશે નહીં મનથી ઈશ્વર સાથે સંબંધ જોડવાનો છે. મનુષ્ય સર્વસ્વ ઈશ્વરને આપતો નથી.મનુષ્ય થોડું રાખીને પછી પરમાત્માને આપે છે એટલે પરમાત્મા પ્રસન્ન થતા નથી. થોડું રાખીને લેવું એનો અર્થએ છે કે,જેટલો વિશ્વાસ ઓછો એટલું સમર્પણ કાચું. સત્ત્વગુણનો નાશ કરવા માટે મનને પણ શ્રીકૃષ્ણને અર્પણ કરવાનું છે. સેવામાં આંસુ આવે તો માનજો કે, ઠાકોરજીએ કૃપા કરી છે. સેવા કરતાં થાક લાગે નહીં, થાક ઊતરે. ઈશ્વર સાથે સંબંધ થાય તો ભાર ઊતરે. ભાર ઊતરે એટલે હળવાફૂલ બની પ્રભુના બની જવાય. સમર્પણ કરનારો પોતાનું પણ સમર્પણ કરે.

ભગવાનને કહેવાનું કે, પ્રભુ, હું નથી મંત્ર જાણતો,નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો હું તો મંત્રરહિત,ક્રિયા રહિત,ભક્તિરહિત છું.મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને મારા કર્મને પરિપૂર્ણ માનજો. સત્કર્મ કર્યા પછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી. કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે. હૃદયથી નમશો તો ભગવાનને ગમશો.

દૈત્યનો પ્રભાવ તો જુઓ!બલિમાં દૈત્ય આવ્યું એટલે સેવ્ય હતા તે સેવક બન્યા. ભગવાન એને ત્યાં દ્વારે દ્વારે પહેરો ભરવા તૈયારથયા જેની એકએક ઈન્દ્રિય પર પ્રભુનો પહેરો રહે એને પછી કઈ વાતની ચિંતા? એને પછી દુઃખ શું? ભય શું?

એક વખત રાવણ ફરતો ફરતો પાતાળમાં બલિ સામે લડવા આવ્યો તેણે વામનને દ્વારે પહેરો ભરતા જોયા. રાવણે કહ્યું,મારે બલિ સાથે યુદ્ધ કરવું છે. વામનજીએ કહ્યું, હું તો સેવક છું. પહેલાં મારી સાથે લડ!પછી મારા માલિક સાથે!રાવણ એટલે કામનું પ્રતીક. પ્રભુ સાથે લડવાનું એનું શું ગજું?લડવા ગયો ત્યાં વામન ભગવાને રાવણની છાતી ઉપર લાત મારી ને સમુદ્રકિનારે જઈ પડયો. રાવણ એ કામ છે. તમારા ઈન્દ્રિય દ્વારે ભગવાન પહેરો ભરે, તો તેમાં કામ પ્રવેશ કરી શકે નહીં.

બલિરાજાને ત્યાં વામન ભગવાન દાન લેવા ગયા, અને દાન લઈ તેને ઘરે પહેરો ભરવો પડયો! જે દાન લે તે બંધનમાં પડે છે. દાન લેનારની પણ મોટી જવાબદારી છે. મહાલક્ષ્મી ઘરમાં એકલા છે. તેમને નારાયણ વગર ચેન પડતું નથી. ક્યારે આવશે? ક્યાં હશે? અકળાઈને નારદજીને પૂછ્યું ત્યારે નારદજીએ કહ્યું,નવી નોકરી લીધી છે.સૂતળપાતાળમાં બલિના દ્વારે પહેરો ભરે છે. આ સાંભળી લક્ષ્મીજી દોડતાં સૂતળપાતાળમાં આવ્યાં. ઘરમાં ઠાકોરજીને પધરાવશો તો લક્ષ્મીજી પાછળ પાછળ વગર આમંત્રણે આવશે. લક્ષ્મીજીએ બ્રાહ્મણ પત્નીનો વેશ લીધો. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું કે, હું તારી ધર્મની ભગિની.તું મારો ધર્મનો ભાઈ. બલિને આનંદ થયો. બલિરાજાને પ્રણામ કર્યા. કહે કે, ક્યારનું મનમાં મને એક દુઃખ હતું કે,જગતમાં મારે કોઈ બહેન નથી. સારું થયું મને બહેન મળી! પણ માતાજીનો જીવ વલોવાઈ જાય છે. દ્વારિકાનાથ હાથમાં લાકડી લઈ સિપાઈ જેમ પહેરો ભરે છે! એક કડવા દ્રષ્ટાંત સાથે આજે ભગવદ્ ગીતા જ્ઞાનના લેખનું સમાપન કરીએ સુંદરનગર માં એક ધનવાન માણસ રહેતો હતો. તેનામાં દરેક ગુણ હતો,એક માત્ર વસ્તુનો અભાવ હતો સંયમ જાળવવાની ક્ષમતા.તે નાની નાની વાત પર ગુસ્સે થઈ જતો.તેની આસપાસ ના લોકો તેનાથી હેરાન થતા. તેના પોતાના પરિવારના સભ્યો પણ હતાશાથી તેની સાથે વાત કરવાનું બંધ કરી દેતા.પણ આ ક્યાં સુધી ચાલશે?તે ફરીથી તેની સાથે વાત કરવાનું શરૂ કરતા ઘણો સમય પસાર થયો,પણ ધન વાન માણસની આદતો યથાવત રહી.તેનો સ્વભાવ યથાવત રહ્યો.

આખરે, એક દિવસ તેનો પરિવાર એક સંત પાસે ગયો અને તેમને પોતાની સમસ્યા જણાવી, કહ્યું, 'મહારાજ! અમે તેમનાથી ખૂબ જ પરેશાન છીએ. કૃપા કરીને કોઈ ઉકેલ સૂચવો.' પછી, સંતે થોડીવાર વિચાર કર્યો અને કહ્યું, 'શેઠજીને મારી પાસે મોકલો.'

'ઠીક છે,મહારાજ,'ધનવાન માણસના પરિવારે ઘરે પાછા ફરતા કહ્યું.તેઓએ વિવિધ ઉકેલો સાથે શેઠજીને સંત પાસે લઈ જવાનો પ્રયાસ કર્યો.પરંતુ,તે સંતો અને ઋષિઓમાં માનતો ન હતો. તેથી, તે સંત પાસે આવ્યો નહીં. પછી એક દિવસ,સંત પોતે તેમના ઘરે પહોંચ્યા. તેઓ એક ગ્લાસમાં થોડું પ્રવાહી લાવ્યા હતા.

સંતને જોઈને,શેઠ ઉત્સાહિત થઈ ગયા.પરંતુ તેમના પરિવારનીચિંતા ઓને કારણે,તેઓ ચૂપ રહ્યાસંતે શેઠને કહ્યું,'શેઠ!હું આ તમારા માટે હિમાલયથી લાવ્યો છું. કૃપા કરીને તેનો પ્રયાસ કરો.' શરૂઆતમાં,શેઠ અચકાયા,પરંતુ પછી,તેમના પરિવારના આગ્રહથી તેઓ સંમત થયા. તેમણે પ્રવાહી ધરાવતો ગ્લાસ લીધો, તેને મોં પર મૂક્યો,અને તેની જીભથી પ્રવાહી ચાટ્યું. આમ કરતાં, તેમણે રડતો ચહેરો બનાવ્યો,ગ્લાસને તેમના હોઠ પરથી હટાવ્યો,અને સંતને કહ્યું,'આ ખૂબ જ કડવું છે.તે શું છે?'

'તમારી જીભ જાણે છે કે કડવું શું છે,'સંતે કહ્યું.'બધાને આ ખબર છે,'શેઠે સંત તરફ રહસ્ય મય રીતે જોયું.'ના,એવું નથી.જો બધાને ખબર હોત, તો શબ્દો આ કડવા પદાર્થ કરતાં વધુ કડવાહોત હું મારા મોં માંથી તે કાઢતો નથી. શેઠજી,તે એક ક્ષણ માટે થોભ્યો અને પછી બોલ્યો,શેઠજી,યાદ રાખો કે જે વ્યક્તિ કઠોર શબ્દો બોલેછે તે બીજાને નુકસાન પહોંચાડતા પહેલા પોતાની જીભને દૂષિત કરે છે.'

શેઠ સમજી ગયો કે સંતે જે કંઈ કહ્યું હતું તે તેના માટે જ હતું. તે તરત જ સંતના પગે પડ્યો- 'સાધુ મહારાજ!તમે મારી આંખો ખોલી દીધી છે,હવે હું ભવિષ્યમાંક્યારેય કઠોર શબ્દોનો ઉપયોગ કરીશ નહીં'.

શેઠના મોંમાંથી આવા શબ્દો સાંભળીને,તેના પરિવારના સભ્યો આનંદથી ભરાઈ ગયા. પછી શેઠ જીએ સંતને પૂછ્યું- 'પણ,મહા રાજ!તમે હિમાલયથીલાવેલા આ પદાર્થ બરાબર શું છે?'

સાધુએ હસીને કહ્યું,'લીમડાના પાનનો અર્ક.''શું?'શેઠજીએ કહ્યું,અને પછી તે હળવેથી હસ્યા વાચક ચાહક મિત્રો!કડવા શબ્દો બોલવા કરતાં આ દુનિયામાં કડવું કંઈ નથી.પદાર્થની કડવાશ જીભ ને થોડા સમય માટે જ કડવો બનાવે છે.પરંતુ કડવા શબ્દો મન અને આત્માને નુકસાન પહોંચાડે છે.અસ્તુ.

# મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ દ્વારા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) સાથે બેઠક

## કચ્છ ઔદ્યોગિક કોરિડોરમાંથી 50 MTથી વધુ ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશનનો લક્ષ્ય






- ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશન માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને યાર્ડ સુવિધાઓનો વિસ્તાર
- લાઇન ક્ષમતા વધારવા તેમજ લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયામાં કાર્યક્ષમતા વધુ સુધારવા
- વધતી માંગને અનુરૂપ નવીન લોજિસ્ટિક સોલ્યુશન્સ
- મુસાફરો માટે સુવિધાઓના વિસ્તરણના પ્રસ્તાવો

**અમદાવાદ, તા. 27**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ગાંધીધામમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) સાથે એક મહત્વપૂર્ણ બેઠક અને સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું, જેની અધ્યક્ષતા મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે કરી.

આ બેઠકમાં ઉદ્યોગ પ્રતિનિધિઓ, વ્યાવસાયિક સંગઠનો અને વિવિધ સ્ટેકહોલ્ડર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને રેલ પરિવહનને વધુ અસરકારક તથા મજબૂત કરવા માટે પોતાના સૂચનો અને અપેક્ષાઓ રજૂ કરી.

કચ્છ ઔદ્યોગિક કોરિડોરમાંથી 50 MTથી વધુ ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશનનો લક્ષ્ય

બેઠકનો મુખ્ય ફોકસ કચ્છના ઔદ્યોગિક વિસ્તારમાંથી 50 મિલિયન ટનથી વધુ ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશનના લક્ષ્યને મજબૂત બનાવવો હતો. શ્રી પ્રકાશે જણાવ્યું કે પશ્ચિમ રેલવે ઉદ્યોગ જગત સાથેની ભાગીદારીને વધારે મજબૂત બનાવી લોજિસ્ટિક્સને વધુ ઝડપી, વિશ્વસનીય અને સ્પર્ધાત્મક બનાવવામાં સતત કાર્યરત છે.

અમદાવાદ મંડળ અને ગાંધીધામ સબ-ડિવિઝનની ઉત્તમ સિદ્ધિઓ

વર્ષ 2025-26ના પ્રથમ સાત મહિનામાં 29.18 મિલિયન ટન ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશનનો નોંધપાત્ર રેકોર્ડ નોંધાયો છે.

આ અવધિ દરમિયાન 3.865 કરોડથી વધુનું આવક પ્રાપ્ત થયું છે.

કુલ પરિવહનમાંથી 22.77 મિલિયન ટન ફ્રેઇટ માત્ર ગાંધીધામ વિસ્તારેથી પરિવહિત થયું, જે કચ્છ ઉદ્યોગ અને રેલવે વચ્ચેના મજબૂત સંકલનનું પ્રતિબિંબ છે.

શ્રી પ્રકાશે આ સફળતાઓ માટે સમગ્ર રેલવે પરિવાર અને વેપારી સમાજનો આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું કે આ સિદ્ધિઓ સામૂહિક પ્રયત્નોનું પરિણામ છે.

કચ્છ વિસ્તાર: વિવિધ ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશનનું મુખ્ય કેન્દ્ર

ગાંધીધામ અને કચ્છ ક્ષેત્ર સ્ટીલ, સિમેન્ટ, ખનિજ, કોલસા, ખાતર, કૃષિ ઉત્પાદન, ખાદ્ય તેલ, ઔદ્યોગિક તથા ખાદ્ય મીઠું, ટિમ્બર સહિતના વિવિધ સામાનના મોટા પાયે ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશન માટે જાણીતા છે.

આ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બેઠકમાં નીચેના મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી:

ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશન માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને યાર્ડ સુવિધાઓનો વિસ્તાર

લાઇન ક્ષમતા વધારવા તેમજ લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયામાં કાર્યક્ષમતા વધુ સુધારવા

વધતી માંગને અનુરૂપ નવીન લોજિસ્ટિક સોલ્યુશન્સ

મુસાફરો માટે સુવિધાઓના વિસ્તરણના પ્રસ્તાવો

કચ્છમાં મર્યાદિત એર કનેક્ટિવિટી હોવાથી રેલ સેવાઓને મુખ્ય અને સુરક્ષિત પરિવહન તરીકે વધુ મજબૂત બનાવવાની અપેક્ષાઓ

રેલવે-ઉદ્યોગ ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા

શ્રી પ્રકાશે ઉદ્યોગ પ્રતિનિધિઓને વિશ્વાસ અપાવ્યો કે રેલવે તેમના ઉપયોગી સૂચનોને પ્રાથમિકતા આપીને ભવિષ્યની યોજનાઓ અને સુવિધાઓમાં યોગ્ય સ્થાન આપશે. કચ્છ વિસ્તારમાં ઝડપથી વધી રહેલી ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને રેલવે પોતાની ક્ષમતાઓના વિસ્તરણ તથા આધુનિક લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરા પાડવામાં સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

# તા.૦૧/૧૧/૨૦૨૫ ના રોજ ઝાલોદ ઘટક-૨ ના આંગણવાડી કેન્દ્ર કારઠ ખેડા-૧ ની મુલાકાત જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા લેવામાં આવેલ હતી



**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 27**

દાહોદમાં દાહોદ જિલ્લા પ્રોગામ ઓફીસરશ્રી ઈરા ચૌહાણ દ્વારા ઝાલોદ તાલુકાના કારઠ ખેડા કેન્દ્રની આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન સવાર અને બપોરનો નાસ્તો કાચો , ખાવાલાયક ન હતો આંગણવાડી કેન્દ્ર ઉપર પોષણ ટ્રેકર એપ્લિકેશન પ્રમાણે કુલ્લ ૭૫ બાળકો નોધાયેલ હતા પણ મુલાકાત દરમ્યાન આંગણવાડીનો એક પણ બાળક હાજર ન હતો તેના બદલે શાળાએ જતા બાળકો હાજર હતા. ઉપરાંત આંગણવાડી કેન્દ્રને સુદ્રઢીકરણ માટે આપવામાં આવેલ વાસણ, પુસ્તકો, સાધન સામગ્રીનો પણ યોગ્ય ઉપયોગ કે યોગ્ય જાળવણી કરવામાં આવેલ નથી આમ, આંગણવાડી કાર્યકર તમામ કામગીરીથી વાકેફ હોવા છતાં યોજના નો મૂળહેતુ મુજબ લાભાર્થીઓને પુરક પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિ વગેરે જે તા.૨૫/૧૧/૨૦૧૯ ના પરિપત્રમાં દર્શાવેલ છે તે મુજબની કોઈ કામગીરી કરવામાં આવતી નથી. તે કામગીરીમાં રસ નાં હોય તો તેમની સેવા શા માટે સમાપ્ત નહીં કરવી આ બાબતે રૂબરૂ ખુલાસો કરવા માંગવામાં આવેલ હતો, જે મુજબ કારઠ ખેડા-૧ આંગણવાડી કેન્દ્રના કાર્યકર દ્વારા કામગીરી પ્રત્યે બેદરકારી અને દુર્લક્ષ સેવેલ છે તે માટે માફી માંગવા સાથે એક તક આપવા વિનતી કરેલ હતી તેમજ ખાધ્યસામગ્રીના અને અન્ય સાધન સામગ્રીના નુકસાનના વળતર પેટે રૂપિયા ૫૮,૪૪૮/- (અંકે અઠાવન હજાર ચારસો અડતાલીસ પુરા)ની રીકવરી સરકારશ્રીના સદરે ભરેલ હતી. તેમજ કરેલ ભૂલોનું પુનરાવર્તન ભવિષ્યમાં નહિ કરવાની લેખિતમાં બાહેધરીઆપતા તેમની માનદ સેવા ચાલુ રાખવાની અરજી ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી.

# મતદારયાદી ખાસ સઘન સુધારણા અંતર્ગત તા. ૨૯ અને 30 નવેમ્બરના રોજ જિલ્લાના કુલ ૨૭ સ્થળોએ મતદારોની સુવિધા માટે ખાસ કેમ્પનુ આયોજન

**ગાંધીનગર, તા. 27**

મતદારયાદી ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) અંતર્ગત જિલ્લાના મતદારોના આધાર-પુરાવાની વિગતોની ચકાસણીમાં મદદરૂપ થવાના હેતુ થી દરેક તાલુકા મામલતદાર કચેરી સહિત જિલ્લામાં કુલ-૨૭ સ્થળોએ તા.૨૯/૧૧/૨૦૨૫ (શનિવાર) બપોરે ૧૨:૦૦ કલાક થી ૦૫:૦૦ કલાકે તથા તા.૩૦/૧૧/૨૦૨૫ (રવિવારે) સવારે ૧૦:૦૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. આથી ખેડા જિલ્લાના મતદારોને આ કેમ્પનો લાભ લેવા તથા આપના ડોક્યુમેંટ્સ આ કેમ્પમા જમા કરાવવા માટે ખેડા જિલ્લા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ભારતના ચૂંટણીપંચ, દિલ્હી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) કાર્યક્રમના બીજા તબક્કામાં તા.૦૪/૧૧/૨૦૨૫ થી તા.૦૪/૧૨/૨૦૨૫ સુધી બી.એલ.ઓ. દ્વારા મતદારોના ઘરે ઘરે ફરીને ગણતરી ફોર્મ (Enumeration Forms) વિતરણ કરવુ, ભરેલા ગણતરી ફોર્મ પરત મેળવવાની તથા ઓનલાઈન કરવાની કામગીરી કરી રહ્યા છે. જે મતદારોના પોતાના અથવા તેમના માતા-પિતા અથવા તેમના દાદા-દાદીનું નામ વર્ષ-૨૦૦૨ ની મતદારયાદીમાં કોઇ પણ કારણોસર શોધી શકાયુ નથી; તેવા મતદારોએ ઉપલબ્ધ હાલની વિગતો ભરી,સહીવાળુ ફોર્મ તેમના બીએલઓને ગણતરી ફોર્મ (EF) ની પાછળ દર્શાવેલ-૧૩ પુરાવા પૈકી કોઇ પણ પુરાવા સાથે આપવા વિનંતી કરવામાં આવે છે.

# ધોલેરા મામલતદાર કચેરી ખાતે સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાયું

**અમદાવાદ, તા. 27**

મામલતદાર કચેરી ધોલેરા ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અમદાવાદના અધ્યક્ષસ્થાને તા. ૨૬/૧૧/૨૦૨૫નાં રોજ ૧૧:૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં અરજદારો દ્વારા વિવિધ અરજીઓ રજુ કરવામાં આવી હતી અને અધિકારીઓ દ્વારા અરજીઓનો નિકાલ કરી જરૂરી દાખલા/હુકમ અરજદારને રૂબરૂમાં આપવામાં આવ્યા હતા. જેમાં કનકસિંહ બાવુભા ચુડાસમાની જમીનમાં ખાતા તથા સ.નં.માં નામ સુધારા બાબત અંગે નકારાત્મક નિર્ણય અપાયો હતો. જ્યારે સુરેશભાઈ કાંબડના આવક અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય, પ્રાર્થનાબા બળવંતસિંહ ચુડાસમાના આર્થિક રીતે નબળા અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય, રવિકુમાર શેલાભાઈ ચોસલાનાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય, મેહુલભાઈ દિલીપભાઈ ચૌહાણના નોન ક્રિમીલેયર અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય, રીટાબેન ખોડાભાઈ ચૌહાણનો જાતિનો દાખલો મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય, વિનોદભાઈ બેચરભાઈ પણસારાના ગામ નમુના નં.૭માં ક્ષતિ સુધારણા માટેની અરજી અંગે હકારાત્મક નિર્ણય, જનકસિંહ અજુભા ચુડાસમાના ગામ નમુના નં.૭માં ક્ષતિ સુધારણા માટેની અરજી અંગે હકારાત્મક નિર્ણય, અજયભાઈ કાળુભાઈ મકવાણાની પ્રમાણિત નકલો મેળવવા બાબતે હકારાત્મક નિર્ણય અને જયેશકુમાર બી. સોલંકી પ્રમાણિત નકલો મેળવવા બાબતે પણ હકારાત્મક નિર્ણય અપાયો હતો.

# ગાંધીધામનો ગવર્મેન્ટ ડીઝલ લોકો મેન્ટેનન્સ શેડ: દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ સર્વ શ્રેષ્ઠ ઉચ્ચ-ક્ષમતાવાળા મેન્ટેનન્સ કેન્દ્રોમાં સામેલ

**અમદાવાદ, તા. 27**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદપ્રકાશે ગાંધીધામ ખાતે અત્યાધુનિક (GDLG) ગવર્મેન્ટ ડીઝલ લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું નિરીક્ષણ કર્યું. મીઠીરોહર નજીક સ્થિત, આ શેડ ભારતીય રેલ્વેના સૌથી મહત્વપૂર્ણ મેન્ટેનન્સ કેન્દ્રોમાંનું એક છે, જ્યાં 250 ઉચ્ચ-ક્ષમતાવાળા લોકોમોટિવ્સની વિશ્વસ્તરની જાળવણી કરવામાં આવે છે. નિરીક્ષણ દરમિયાન, ડીઆરએમ શ્રી વેદપ્રકાશે શેડના સુવ્યવસ્થિત કાર્યપ્રણાલી, સ્વચ્છ વાતાવરણ, અદ્યતન તકનીકી સુવિધાઓ અને સ્ટાફ કાર્યક્ષમતાની પ્રશંસા કરી. તેમણે કહ્યું, ‘આ ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં એકમાત્ર શેડ છે, જ્યાં ઉચ્ચ-હોર્સપાવર લોકોમોટિવ્સનું આયોજન, ગુણવત્તા અને કાર્યક્ષમતા સાથે જાળવણી કરવામાં આવે છે. અહીં કોઈ તેલ લીકેજ કે કોઈપણ પ્રકારની ગંદકી નથી - તે ખરેખર ભારતીય રેલ્વે માટે એક માર્ગદર્શક મોડેલ છે.‘ ઉચ્ચ ક્ષમતા અને અત્યાધુનિક સિસ્ટમ, આ શેડની ક્ષમતા કુલ 250 લોકોમોટિવ્સ (213 લોકો - 4500 HP, 37 લોકો-6000 HP) ની નિયમિત મેન્ટેનન્સ કરવાની છે. લોકોમોટિવ અહીંથી નીકળીને સમગ્ર દેશમાં 95,000 કિમી સુધી સતત કોઈપણ મોટી સમસ્યા વિના ચાલે છે.

6 ટ્રેક વાળા આ શેડમાં નિયમિતપણે 5 લાઈનોનો ઉપયોગ થાય છે. દરેક લાઈન પર ક્રેન પ્રણાલી ઉપલબ્ધ છે, જેનાથી કોઈપણ લાઇન પર કોઈપણ સમયે સરળતાથી કામ કરી શકાય છે. આ શેડ 1,19,437.500 વર્ગ મીટર (29.513 એકર) વિસ્તારમાં વિકસિત કરવામાં આવ્યો છે અને દેશના અન્ય શેડ કરતા સંપૂર્ણપણે અલગ તેનો યોજનાબદ્ધ લેઆઉટ રાખે છે.

ત્વરિત રિસ્પોન્સ અને ઓનલાઈન મોનિટરિંગ, શેડમાં 24x7 ઉપલબ્ધ ત્વરિત રિસ્પોન્સ ટીમ (PRT) અને હેલ્પલાઈન ના માધ્યમથી કોઈપણ લોકોમોટિવમાં આવેલી સમસ્યા પર તાત્કાલિક તકનીકી સહાય પૂરી પાડે છે. ટ્રેન ડ્રાઈવરોને માર્ગમાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તો સીધા તેમને ગાંધીધામ શેડમાંથી માર્ગદર્શન આપવામાં આવે છે.

# ધંધુકા તાલુકા આરોગ્ય વિભાગની ટીમે કિશોરીઓના સ્વાસ્થ્યની પ્રાથમિક તપાસ કરી

## કિશોરી મેળા થકી કિશોરીઓને શારીરિક, માનસિક અને સામાજિક રીતે સશક્ત બનાવવાનો પ્રયાસ






**અમદાવાદ, તા. 27**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને ધંધુકા બાળ વિકાસ યોજના અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ધંધુકા તાલુકા પંચાયત ખાતે કિશોરીઓના સશકતીકરણ અને આરોગ્ય સુખાકારી માટે ‘કિશોરી મેળા’નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશેષરૂપે મહિલાઓ વિરુદ્ધ હિંસા નાબૂદી પખવાડિયા અંતર્ગત જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મેળામાં ધંધુકા તાલુકાની આંગણવાડી કક્ષાએ નોંધાયેલી, શાળાએ જતી તેમજ શાળાએ ન જતી કિશોરીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ધંધુકા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્યની પ્રાથમિક તપાસણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કિશોરીઓનું હિમોગ્લોબિન, વજન અને ઊંચાઈ માપવાની કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ધંધુકા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્યની પ્રાથમિક તપાસણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કિશોરીઓનું હિમોગ્લોબિન, વજન અને ઊંચાઈ માપવાની કામગીરી કરવામાં આવી હતી.

તદુપરાંત, ઉપસ્થિત કિશોરીઓને યોગ્ય પોષણ, માસિક સમયની સ્વચ્છતા અને માનસિક સ્વાસ્થ્ય જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. 13.5 હિમોગ્લોબિન ધરાવતી કિશોરીને ’એનિમિયા કવીન’ નું શીર્ષક આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

જિલ્લા કચેરી હેઠળ કાર્યરત ‘સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન’ની ટીમ દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, આવા મેળાઓનો મુખ્ય ઉદ્દેશ્ય કિશોરીઓને શારીરિક, માનસિક અને સામાજિક રીતે સશક્ત બનાવી તેમને આરોગ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે. આ કિશોરી મેળામાં સ્થાનિક આંગણવાડી કાર્યકર બહેનો, મુખ્ય સેવિકા બહેનો અને પૂર્ણા કન્સલ્ટન્ટ્સે હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત કિશોરીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક જોડાઈને આરોગ્યલક્ષી તેમજ કાયદાકીય વિષયો અંગેની મહત્વપૂર્ણ જાણકારી મેળવીહતી. જિલ્લા કચેરી હેઠળ કાર્યરત ‘સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન’ની ટીમ દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, આવા મેળાઓનો મુખ્ય ઉદ્દેશ્ય કિશોરીઓને શારીરિક, માનસિક અને સામાજિક રીતે સશક્ત બનાવી તેમને આરોગ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે. આ કિશોરી મેળામાં સ્થાનિક આંગણવાડી કાર્યકર બહેનો, મુખ્ય સેવિકા બહેનો અને પૂર્ણા કન્સલ્ટન્ટ્સે હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત કિશોરીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક જોડાઈને આરોગ્યલક્ષી તેમજ કાયદાકીય વિષયો અંગેની મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી.

# દિગ્ગજ ક્રિકેટર અશ્વિનનું ટીમ ઈન્ડિયામાંથી નિવૃત્તિ લેવાનું સાચું કારણ સામે આવ્યું, કહ્યું - ભાંગી પડ્યો હતો..

## ન્યુઝીલેન્ડ સીરિઝની હારના કારણે જ હું આજે ઘરે બેઠો છું, તેનાથી હું ભાંગી પડ્યો હતો





**મુંબઈ તા. 27**

પૂર્વ ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ટીમ ઈન્ડિયામાંથી નિવૃત્તિ લેવા અંગે ખુલાસો કર્યો છે. તેણે આખરે પોતાની નિવૃત્તિ પાછળનું સાચું કારણ જણાવ્યું છે. એવી કઈ બાબત હતી જેના કારણે તે ભાંગી પડ્યો હતો અને તેને નિવૃત્તિ લેવા માટે મજબૂર કર્યો? ગુવાહાટી ટેસ્ટ હાર્યા બાદ અને ટીમ ઈન્ડિયા 2-0થી ટેસ્ટ સીરિઝ હાર્યા બાદ અશ્વિને ખુલાસો કર્યો કે, મેં 2012માં ખુદને વચન આપ્યું હતું કે જો ભારતીય ટીમ ઘરઆંગણે કોઈ સીરિઝ હારશે તો હું નિવૃત્તિ લઈ લઈશ. તેમણે લગભગ એવું કર્યું પણ છે. હું ભાંગી પડ્યો હતો આર અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે, 2012માં ઈંગ્લેન્ડ સામે સીરિઝ હાર્યા પછી મેં ખુદને જ વચન આપ્યું હતું કે જો અમે ક્યારેય કોઈ બીજી હોમ સીરિઝ હારી જઈશું તો હું નિવૃત્તિ લઈ લઈશ. ન્યુઝીલેન્ડ સીરિઝની હારના કારણે જ હું આજે ઘરે બેઠો છું, તેનાથી હું ભાંગી પડ્યો હતો. જોકે, આર અશ્વિને ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝ દરમિયાન ઓફિશિયલી નિવૃતિ લીધી હતી. તેણે સીરિઝની વચ્ચે નિવૃત્તિ લઈ લીધી હતી અને ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહીને ઘરે પરત ફર્યો હતો. બાદમાં અશ્વિને IPLમાંથી પણ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી.

આ પણ વાંચો: પહેલા દ.આફ્રિકા સામે શરમજનક પરાજય અને પછી ફ્લાઈટની ઘટના, આખરે કેમ અકળાયો સિરાજ?

ટીમ ઈન્ડિયા ગત વર્ષે ન્યુઝીલેન્ડ સામે એક દાયકાથી વધુ સમય પછી ઘરેલુ મેદાન પર 3-0 થી ટેસ્ટ સીરિઝ હારી ગઈ હતી. તમને જાણીને નવાઈ લાગશે કે, આ પહેલી વાર હતું જ્યારે ભારતીય ટીમ ઘરેલુ મેદાન પર ત્રણ કે તેથી વધુ મેચની ટેસ્ટ સીરિઝમાં ક્લીન સ્વીપ થઈ હતી. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક વાત એ છે કે, ભારતીય ટીમે છેલ્લી ત્રણ સીરિઝમાંથી બે સીરિઝમાં ઘરઆંગણે ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો છે. એક સીરિઝમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું તો હતું, પરંતુ ટીમ ઈન્ડિયાને બે મોટી ટીમો સામે હારનો સામનો કરવો પડ્યો છે. ભારતીય ટીમ ક્યારેક સ્પિન સામે બેટિંગ કરવામાં અસમર્થ રહી તો ક્યારેક સારી પીચો પર રન બનાવવામાં અસમર્થ રહી અને ક્યારેક બોલરો વિકેટ લેવામાં અસમર્થ રહ્યા છે. જોકે, સારી બાબત એ છે કે ભારતે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝ ડ્રો કરાવી હતી, બંને ટીમોએ 2-2 મેચ જીતી હતી. ટીમ ઈન્ડિયા ગત વર્ષે ન્યુઝીલેન્ડ સામે એક દાયકાથી વધુ સમય પછી ઘરેલુ મેદાન પર 3-0 થી ટેસ્ટ સીરિઝ હારી ગઈ હતી. તમને જાણીને નવાઈ લાગશે કે, આ પહેલી વાર હતું જ્યારે ભારતીય ટીમ ઘરેલુ મેદાન પર ત્રણ કે તેથી વધુ મેચની ટેસ્ટ સીરિઝમાં ક્લીન સ્વીપ થઈ હતી. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક વાત એ છે કે, ભારતીય ટીમે છેલ્લી ત્રણ સીરિઝમાંથી બે સીરિઝમાં ઘરઆંગણે ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો છે. એક સીરિઝમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું તો હતું, પરંતુ ટીમ ઈન્ડિયાને બે મોટી ટીમો સામે હારનો સામનો કરવો પડ્યો છે. ભારતીય ટીમ ક્યારેક સ્પિન સામે બેટિંગ કરવામાં અસમર્થ રહી તો ક્યારેક સારી પીચો પર રન બનાવવામાં અસમર્થ રહી અને ક્યારેક બોલરો વિકેટ લેવામાં અસમર્થ રહ્યા છે. જોકે, સારી બાબત એ છે કે ભારતે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝ ડ્રો કરાવી હતી, બંને ટીમોએ 2-2 મેચ જીતી હતી.

## 'અમે એક થઈને ફરી વાપસી કરીશું', દ.આફ્રિકા સામે ક્લીન સ્વીપ બાદ ગિલનું નિવેદન



**મુંબઈ, તા. 27**

ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ 0-2ની ટેસ્ટ સીરિઝ હાર્યા બાદ એકજુટતાનો મેસેજ આપ્યો છે. ગરદનની ઈજાના કારણે બહાર રહેનારા ગિલે કહ્યું કે, ટીમ આ મુશ્કેલ સમયથી શીખીને વધુ મજબૂત થઈને વાપસી કરશે. ગુવાહાટીમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ભારતને 408 રનથી કારમી હાર મળી, જેની સાથે દક્ષિણ આફ્રિકાએ બે મેચોની સીરિઝમાં ક્લીન સ્વીપ કર્યું. આ ભારતમાં તેમને 25 વર્ષ બાદ પહેલી ટેસ્ટ સીરિઝ જીત છે. આ અગાઉ કોલકાતામાં રમાયેલી શરૂઆતની ટેસ્ટમાં યજમાન ટીમે ભારતને 30 રનોથી હરાવ્યું હતું. સતત બે હાર બાદ ટીમના પ્રદર્શન અને નેતૃત્વને લઈને ટીકા થઈ. કોચ ગૌતમ ગંભીરે પણ ગુવાહાટી ટેસ્ટ દરમિયાન દર્શકોની નારાજગીનો સામનો કરવો પડ્યો. આ વચ્ચે શુભમન ગિલે X પર ટીમની એકજુટતાનો મેસેજ આપતા લખ્યું કે, 'શાંત સમુદ્ર ક્યારેય શીખવતા નથી કે સ્ટીયર કેવી રીતે કરવું છે.

## ટેમ્બા બાવુમાએ એવો તે કયો રેકોર્ડ બનાવ્યો, જે 148 વર્ષમાં કોઈ કેપ્ટન નથી બનાવી શક્યો?



**મુંબઈ, તા. 27**

ટેમ્બા બાવુમાના નેતૃત્વ હેઠળ દક્ષિણ આફ્રિકાએ ગુવાહાટીમાં શ્રેણીની બીજી મેચમાં ભારતને 408 રનથી હરાવીને ઈતિહાસ રચ્યો. રનની દ્રષ્ટિએ આ ભારતનો સૌથી મોટો ટેસ્ટ પરાજય છે. ભારતીય ટીમે તેના ટેસ્ટ ઈતિહાસમાં ત્રીજી વખત ઘરઆંગણે ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો છે. દક્ષિણ આફ્રિકા છેલ્લા 25 વર્ષથી ભારતમાં સીરિઝ જીતની રાહ જોઈ રહ્યું હતું અને આફ્રિકન ટીમે તે રાહ પૂરી કરી છે. ગુવાહાટી ટેસ્ટમાં વિજય સાથે કેપ્ટન ટેમ્બા બાવુમાએ એક એવો રેકોર્ડ બનાવ્યો જે ટેસ્ટ ક્રિકેટના 148 વર્ષના ઈતિહાસમાં કોઈ હાંસલ કરી શક્યું ન હતું. દ.આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાનો વિશ્વ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા હવે પ્રથમ 12 ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવનાર કેપ્ટન બની ગયા છે. તેણે 11 ટેસ્ટ જીતી છે, જ્યારે ફક્ત એક ટેસ્ટ ડ્રો રહી હતી. ટેસ્ટ ઈતિહાસમાં અન્ય કોઈ કેપ્ટને આ સિદ્ધિ હાંસલ કરી નથી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને ઓસ્ટ્રેલિયન કેપ્ટન લિન્ડસે હેસેટ 12 ટેસ્ટ પછી સૌથી વધુ જીત મેળવવા માટે ટેસ્ટ ઈતિહાસમાં બીજા સ્થાને છે. બંનેએ 10-10 ટેસ્ટ જીતી છે. ટેમ્બા બાવુમા ભારતમાં ટેસ્ટ સીરિઝ જીતવા માટે ટીમનું નેતૃત્વ કરનાર માત્ર બીજા આફ્રિકન કેપ્ટન છે. તેના પહેલા, હેન્સી ક્રોન્યે ફેબ્રુઆરી-માર્ચ 2000માં આફ્રિકન ટીમને 2-0 થી સીરિઝ જીત અપાવી હતી. નોંધનીય છે કે બાવુમાએ કેપ્ટન તરીકે ક્યારેય ટેસ્ટ હારનો સામનો કર્યો નથી. આ પણ વાંચો: 'ઘૂંટણિયે પાડી દેવા માગતા હતા..' દ.આફ્રિકાના કોચના નિવેદનથી વિવાદ, ભારત વિરુદ્ધ જાતીય ટિપ્પણી!

## નરગિસ ફખરીને 10મા જન્મદિને પતિએ 10 કરોડની કાર ગિફ્ટ કરી



**મુંબઈ તા. 27**

મુંબઈ : એક્ટ્રેસ નરગિસ ફખરીને તેના જન્મદિવસે પતિ ટોની બેગ દ્વારા ૧૦.૩ કરોડની રોલ્સ રોયસ ક્યુલિનન કારની ગિફ્ટ કરવામાં આવી છે. નરગિસે બ્લૂ રંગની આ શાનદાર કાર સાથે ખાસ ફોટો શૂટ કરાવ્યું હતું અને તેના ફોટા પોસ્ટ કરી ચાહકો સાથે આ ગિફ્ટની વાત શેર કરી હતી. નરગિસ ફખરીનો જન્મદિવસ ગત ઓક્ટોબર માસમાં હતો. તેના એક મહિના પછી નરગિસે ચાહકોને આ ગિફ્ટ વિશે જાણ કરી છે. નરગિસ અને ટોની બેગ બહુ લાંબા સમયથી રિલેશનશિપમાં હતાં. તેમણે ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં જ એક નાનકડા સમારંભમા ગુપચુપ લગ્ન કરી લીધાં હતાં. અમેરિકામાં કેલિફોર્નિયામાં બેવર્લી હિલ્સ ખાતે યોજાયેલાં તેમનાં લગ્નમાં બહુ અંગત મિત્રો અને સ્વજનો જ હાજર રહ્યા હતા. આમ લગ્ન પછી આવેલા પહેલા જ જન્મદિવસે નરગિસને આ શાનદાર ગિફ્ટ મળી છે. તેના એક મહિના પછી નરગિસે ચાહકોને આ ગિફ્ટ વિશે જાણ કરી છે. નરગિસ અને ટોની બેગ બહુ લાંબા સમયથી રિલેશનશિપમાં હતાં. તેમણે ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં જ એક નાનકડા સમારંભમા ગુપચુપ લગ્ન કરી લીધાં હતાં. અમેરિકામાં કેલિફોર્નિયામાં બેવર્લી હિલ્સ ખાતે યોજાયેલાં તેમનાં લગ્નમાં બહુ અંગત મિત્રો અને સ્વજનો જ હાજર રહ્યા હતા. આમ લગ્ન પછી આવેલા પહેલા જ જન્મદિવસે નરગિસને આ શાનદાર ગિફ્ટ મળી છે.

## કાર્તિક આર્યન મુન્નાભાઈ સ્ટાઈલની કોમેડી ફિલ્મ કરશે



**મુંબઈ, તા. 27**

મુંબઈ : કાર્તિક આર્યન હવે એક ફૂલફલેજ્ડ કોમેડી ફિલ્મ કરવાનો છે. આ ફિલ્મ સંજય દત્તની મુન્નાભાઈ સીરિઝ જેવી ફિલ્મ હશે એમ કહેવાય છે. કાર્તિક આર્યન હાલ નાગઝિલ્લા નામની ફિલ્મ કરી રહ્યો છે. આ ફિલ્મના નિર્માતાઓએ જ આ નવી કોમેડી જોનરની ફિલ્મની તેને ઓફર કરી છે. કાર્તિક આર્યન અગાઉ કેટલીક રોમકોમ ફિલ્મ કરી ચૂક્યો છે. પરંતુ, આ ફિલ્મમાં તે સંપૂર્ણપણે કોમેડી કરતો જોવા મળશે તેવો દાવો થઈ રહ્યો છે. આ ફિલ્મના અન્ય કલાકારોની હવે ટૂંક સમયમાં જાહેરાત થઈ શકે છે. હાલ કાર્તિક આર્યન એક સાથે સંખ્યાબંધ પ્રોજેક્ટમાં વ્યસ્ત હોવાથી શૂટિંગ શરુ થવામાં પણ વિલંબ થઈ શકે છે.



## શ્રદ્ધા કપૂર બોયફ્રેન્ડ રાહુલ મોદીની ફિલ્મમાં કામ કરશે

### આ ફિલ્મ સ્ટાર્ટઅપની દુનિયા પરની ફિલ્મ છે. એક રાઈટર તરીકે રાહુલ શ્રદ્ધાની કેરિયર માટે બહુ મહત્વનો સાબિત થાય તેવો રોલ લખશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. શ્રદ્ધા અને રાહુલ મોદીની લવસ્ટોરી ૨૦૨૩ની રણબીર કપૂર સાથેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'ના સેટ પરથી શરૂ થઈ હતી

**મુંબઈ તા. 27**

મુંબઈ : શ્રદ્ધા કપૂર તેના બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે એક ફિલ્મ માટે કોલબરેશન કરવાની છે. બંને વચ્ચે રિલેશનશિપ બાદ આ પહેલું પ્રોફેશનલ કોલબરેશન હશે. શ્રદ્ધાએ તાજેતરમાં એક સંવાદમાં જણાવ્યું હતું કે રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છે. શ્રદ્ધાએ કહ્યું હતું કે, હું હાલમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી છું, જે પુરુ થયા પછી રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છું. આ ફિલ્મ સ્ટાર્ટઅપની દુનિયા પરની ફિલ્મ છે. એક રાઈટર તરીકે રાહુલ શ્રદ્ધાની કેરિયર માટે બહુ મહત્વનો સાબિત થાય તેવો રોલ લખશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. શ્રદ્ધા અને રાહુલ મોદીની લવસ્ટોરી ૨૦૨૩ની રણબીર કપૂર સાથેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'ના સેટ પરથી શરૂ થઈ હતી. આ પછી ૨૦૨૪માં તે અને રાહુલ જાહેરમાં એક ડિનર ડેટ પર જોવા મળ્યા હતા. આ પછી તેમની ડેટિંગની અફવા બળવત્તર બની હતી. શ્રદ્ધાએ તાજેતરમાં એક સંવાદમાં જણાવ્યું હતું કે રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છે. શ્રદ્ધાએ કહ્યું હતું કે, હું હાલમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી છું, જે પુરુ થયા પછી રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છું. આ ફિલ્મ સ્ટાર્ટઅપની દુનિયા પરની ફિલ્મ છે. એક રાઈટર તરીકે રાહુલ શ્રદ્ધાની કેરિયર માટે બહુ મહત્વનો સાબિત થાય તેવો રોલ લખશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. શ્રદ્ધા અને રાહુલ મોદીની લવસ્ટોરી ૨૦૨૩ની રણબીર કપૂર સાથેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'ના સેટ પરથી શરૂ થઈ હતી. આ પછી ૨૦૨૪માં તે અને રાહુલ જાહેરમાં એક ડિનર ડેટ પર જોવા મળ્યા હતા. આ પછી તેમની ડેટિંગની અફવા બળવત્તર બની હતી. શ્રદ્ધાએ તાજેતરમાં એક સંવાદમાં જણાવ્યું હતું કે રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છે. શ્રદ્ધાએ કહ્યું હતું કે, હું હાલમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી છું, જે પુરુ થયા પછી રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છું. આ ફિલ્મ સ્ટાર્ટઅપની દુનિયા પરની ફિલ્મ છે. એક રાઈટર તરીકે રાહુલ શ્રદ્ધાની કેરિયર માટે બહુ મહત્વનો સાબિત થાય તેવો રોલ લખશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. શ્રદ્ધા અને રાહુલ મોદીની લવસ્ટોરી ૨૦૨૩ની રણબીર કપૂર સાથેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'ના સેટ પરથી શરૂ થઈ હતી. આ પછી ૨૦૨૪માં તે અને રાહુલ જાહેરમાં એક ડિનર ડેટ પર જોવા મળ્યા હતા. આ પછી તેમની ડેટિંગની અફવા બળવત્તર બની હતી.

# એપ્રિલ 2026 થી 7 દિવસમાં ક્રેડિટ સ્કોર અપડેટ થશે : RBIએ ડ્રાફ્ટ ગાઈડલાઈન્સ જાહેર કરી....

■ **ખોટો રિપોર્ટ આપવા પર ક્રેડિટ કંપનીઓ પર દંડ પણ લાગશે**

**નવી દિલ્હી, તા.27**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ દેશના લોન માળખાને મજબૂત કરવા માટે 26 નવેમ્બરે ડ્રાફ્ટ ગાઈડલાઈન્સ જાહેર કરી. આ 1 એપ્રિલ 2026 થી લાગુ પડશે.

હવે ક્રેડિટ સ્કોર અપડેટ થવા માટે લાંબી રાહ જોવી પડશે નહીં. તમામ ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ (CICS)ને દર 7 દિવસે ક્રેડિટ સ્કોર અપડેટ કરવો પડશે. હાલમાં સ્કોર 15 દિવસમાં એકવાર અપડેટ થાય છે.

CICSને દર મહિને 7, 14, 21 અને 28 તારીખે અને મહિનાના છેલ્લા દિવસ સુધીનો ડેટા અપડેટ રાખવો પડશે. બેંકો દર મહિનાની 3 તારીખ સુધીમાં ડેટા મોકલશે.

આ 4 તારીખો પર નવો ફેરફાર એટલે કે ઈન્ક્રીમેન્ટલ ડેટા મોકલવામાં આવશે. જેમ કે એકાઉન્ટ ખુલવું, બંધ થવું, ક્રેડિટ સ્કોરને અસર કરતો ફેરફાર અથવા લોન સ્ટેટસમાં ફેરફાર જેવો ડેટા સામેલ છે.

લોન કે ક્રેડિટ કાર્ડ ક્લોઝરની જાણ બેંકે તે જ દિવસે સિબિલને કરવી પડશે. પહેલા અઠવાડિયા-મહિનાઓ લાગતા હતા. ગ્રાહકને લોન મળવામાં મુશ્કેલી થતી હતી.

બેંક અને NBFC ગ્રાહકની પરવાનગી વિના ક્રેડિટ રિપોર્ટ એક્સેસ કરી શકશે નહીં. આનાથી સિબિલ સ્કોર બિનજરૂરી રીતે ઘટશે નહીં. ક્રેડિટ પ્રોફાઈલ સુરક્ષિત રહેશે.

ખોટી રિપોર્ટિંગ, સુધારામાં વિલંબ અથવા પરવાનગી વિના ક્રેડિટ તપાસ પર ભારે દંડ નક્કી કરવામાં આવ્યો છે. આનાથી બેંકો ક્રેડિટ ડેટાને વધુ સચોટ અને અપડેટેડ રાખવા મજબૂર થશે અને ગ્રાહકોને ઝડપથી સ્કોર સુધાર મળશે.




બેંકોને તાજી ક્રેડિટ રિપોર્ટ મળશે, જેનાથી જોખમનું વધુ સારી રીતે મૂલ્યાંકન થશે. લોનની કિંમત એટલે કે વ્યાજ દર, રકમ અને મુદત યોગ્ય રીતે નક્કી કરી શકશે.

(જો કોઈ બેંક સમયસર ડેટા ન મોકલે, તો CICSએ તેને RBIના દક્ષ પોર્ટલ પર રિપોર્ટ કરવો પડશે)

ક્રેડિટ સ્કોરમાં લોન એકાઉન્ટ (ક્રેડિટ કાર્ડ અને લોન)ની માહિતી, નાદારી અને મોડી ચુકવણી (જો હોય તો) સાથે વ્યક્તિનો ક્રેડિટ રેકોર્ડ શામેલ છે.

એટલે કે, આ રિપોર્ટ દર્શાવે છે કે તમે ક્યારે-ક્યારે લોન અથવા ક્રેડિટ કાર્ડ માટે અરજી કરી, તમને કઈ-કઈ બેંક અથવા લોન સંસ્થા પાસેથી લોન અથવા ક્રેડિટ કાર્ડ મળ્યું અને તમે લોન અથવા ક્રેડિટ કાર્ડ EMI અને બિલની ચુકવણી સમયસર કરી કે નહીં.

ક્રેડિટ રિપોર્ટમાં સામેલ અન્ય એક મહત્વપૂર્ણ માહિતી એ બેંકો / NBFCs ની યાદી છે, જેમણે તમારી ક્રેડિટ રિપોર્ટની તપાસ કરી છે. હાલમાં ભારતમાં લાઈસન્સ પ્રાપ્ત ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ (CICs) દ્વારા ક્રેડિટ રિપોર્ટ જારી કરવામાં આવે છે.

ક્રેડિટ સ્કોર કઈ બાબતો પર આધાર રાખે છે કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર તેની લોન પાત્રતાને મોટા પ્રમાણમાં અસર કરે છે. ક્રેડિટ સ્કોર ઘણી ખાસ ક્રેડિટ પ્રોફાઈલિંગ કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમાં એ જોવામાં આવે છે કે તમે અગાઉ લોન લીધી છે કે ક્રેડિટ કાર્ડ વગેરેનો ઉપયોગ કઈ રીતે કર્યો છે.

કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર રીપેમેન્ટ હિસ્ટરી, ક્રેડિટ ઉપયોગનો ગુણોત્તર, વર્તમાન લોન અને બિલના સમયસર ચુકવણી પર આધાર રાખે છે. 30% ક્રેડિટ સ્કોર તમે સમયસર લોન ચૂકવી રહ્યા છો કે નહીં તેના પર આધાર રાખે છે. 25% સિક્યોર્ડ કે અનસિક્યોર્ડ લોન પર, 25% ક્રેડિટ એક્સપોઝર પર અને 20% લોનના ઉપયોગ પર આધાર રાખે છે.

300 થી 900ની વચ્ચે ગણાય છે ક્રેડિટ સ્કોર સામાન્ય રીતે ક્રેડિટ સ્કોરની રેન્જ 300 થી 900ની વચ્ચે હોય છે. પરંતુ, 550 થી 700નો સ્કોર સારો માનવામાં આવે છે. 700 થી 900ની વચ્ચેના સ્કોરને ખૂબ સારો ગણવામાં આવે છે.

સિબિલ સ્કોર કેવી રીતે ચેક કરવો? સિબિલ સ્કોર સત્તાવાર સિબિલ વેબસાઈટ www.cibil.com પર મફતમાં જોઈ શકાય છે. પરંતુ, આ સુવિધા વર્ષમાં માત્ર એક જ વાર મળે છે. એકથી વધુ વાર સિબિલ વેબસાઈટ પરથી સિબિલ સ્કોર ચેક કરવા માટે 550 રૂપિયાનો માસિક સબસ્ક્રિપ્શન પ્લાન લેવો પડે છે. આ ઉપરાંત, ઘણી બેન્કિંગ સર્વિસ એગ્રીગેટર્સ પણ સિબિલ સ્કોર ચેક કરવાની સુવિધા આપે છે.

**શેર માર્કેટ 14 મહિના પછી ઓલટાઈમ હાઈ પર પહોંચ્યું**

# સેન્સેક્સે 86,055નું સ્તર પર ગયું, પછી 335 પોઈન્ટ ઘટીને 85,720 પર બંધ....

**મુંબઈ, તા.27**

શેર માર્કેટ આજે એટલે કે 27 નવેમ્બરના રોજ 14 મહિના પછી ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયું. નિફ્ટીએ કારોબાર દરમિયાન 26,310 અને સેન્સેક્સે 86,055 નું સ્તર સ્પર્શ્યું. આ પહેલાં સેન્સેક્સે 27 સપ્ટેમ્બર 2024ના રોજ 85,978 અને નિફ્ટીએ 26,277નો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. બજાર બંધ થવા સુધીમાં સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈથી 335 પોઈન્ટના ઘટાડા સાથે 85,720 પર બંધ થયો છે. નિફ્ટી 10 અંકની તેજી સાથે 26,215 પર બંધ થયો. નિફ્ટીના ઓટો, ફાઈનાન્સ અને બેન્કિંગ શેરોમાં તેજી રહી, જ્યારે આઈટી અને રિયલ્ટી સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો. શેરબજારમાં તેજીના મુખ્ય કારણો સ્વાસ્તિકા ઈન્વેસ્ટમાર્ટના સિનિયર ટેકનિકલ એનાલિસ્ટ પ્રવીશ ગૌરે કહ્યું કે આજની તેજીનું એક કારણ વૈશ્વિક બજારોમાં મજબૂતી છે. એશિયન ઈન્ડેક્સ મજબૂતી સાથે ઉપર કારોબાર કરી



રહ્યા છે, જ્યારે વૉલ સ્ટ્રીટે ગઈકાલે રાત્રે પોઝિટિવ નોટ પર કારોબાર સમાપ્ત કર્યો. આ સારો ગ્લોબલ રિસ્ક સેન્ટિમેન્ટએ ભારતીય ઈક્વિટીને સપોર્ટ આપ્યો અને નીચલા સ્તરો પર તાજી ખરીદીને પ્રોત્સાહિત કરી. એક અન્ય મહત્વપૂર્ણ પોઝિટિવ ટ્રિગર અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા સંભવિત વ્યાજ દરમાં ઘટાડાને લઈને નવો ઉત્સાહ છે.

બજારમાં તેજીનું બીજું કારણ શૉર્ટ કવરિંગ માનવામાં આવી રહ્યું છે. વીતેલા ત્રણ સેશનમાં શેરબજારમાં ઘટાડો આવ્યો હતો. એક્સપર્ટનું માનવું છે કે આ જ કારણથી શૉર્ટ કવરિંગ આવ્યું છે.

એશિયન બજાર: કોરિયાનો કોસ્પી 0.66% ઉપર 3,986 પર અને જાપાનનો નિક્કેઈ 1.23% ઉપર 50,167 પર બંધ થયા છે.

અમેરિકન બજાર: 26 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ 0.67% ચઢીને 47,427 પર બંધ થયો. વળી, નેસ્ડેક કમ્પોઝિટમાં 0.82% અને S&Pમાં 0.69%ની તેજી રહી.

26 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ 4,969 કરોડના શેર ખરીદ્યા. જ્યારે ઘરેલુ રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ફંડ) એ 5,984 કરોડની ખરીદી કરી.

આ મહિને અત્યાર સુધીમાં - FIIs એ 12,449 કરોડના શેર વેચ્યા છે, જ્યારે DIIs એ 68,994 કરોડના શેર ખરીદ્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે બજારને ઘરેલુ રોકાણકારોનો વધુ મોટો સપોર્ટ છે.

ગઈકાલે બજારમાં તેજી જોવા મળી હતી આ પહેલા ગઈકાલે એટલે કે 26 નવેમ્બરે બજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 1023 પોઈન્ટ વધીને 85,610 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 321 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જે 26,205 પર બંધ થયો હતો.

# ચાંદી ₹2,758 મોંઘી થઈને ₹1.62 લાખ પ્રતિ કિલોએ પહોંચી : સોનું ₹224 ઘટીને ₹1.26 લાખ પ્રતિ 10 ગ્રામ પર આવ્યું....

**નવી દિલ્હી, તા.27**

એટલે કે 27 નવેમ્બરે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ સોનું 224 રૂપિયા સસ્તું થઈને 1,25,857 રૂપિયા પર આવી ગયું છે. ગઈકાલે 10 ગ્રામ સોનું 1,26,081 રૂપિયાનું હતું. જ્યારે, ચાંદી 2,758 રૂપિયા મોંઘી થઈને 1,61,783 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ચાંદીની કિંમત 10 ગ્રામ દીઠ 1,59,025 રૂપિયા હતી. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયા અને 14 ઓક્ટોબરે ચાંદીએ 1,78,100 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો



હતો. IBJA ની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ નથી હોતું, તેથી અલગ-અલગ શહેરોના રેટ્સ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 49,695 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,25,857 રૂપિયાનું થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 75,766 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,61,783 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે.

# નવો મહિનો, નવા નિયમો: 1 ડિસેમ્બરથી 5 મોટા નાણાકીય ફેરફારો, ડેડલાઈન ચૂકી ન જતાં

**નવી દિલ્હી, તા.27**

નવેમ્બર મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે, નવા મહિનાની શરૂઆતથી જ ઘણાં મોટા નાણાકીય ફેરફારો અમલમાં આવવાના છે, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડી શકે છે. આ બદલાવોમાં એલપીજી ગેસ સિલિન્ડર, પેન્શન, ટેક્સ અને ફ્યુઅલ સંબંધિત નિયમો સામેલ છે. 1 ડિસેમ્બરથી કુલ 5 મોટા નિયમો બદલાઈ રહ્યા છે. એવામાં જાણીએ કે આ ફેરફારો તમારા ખર્ચ પર કેવી અસર કરશે.

સરકાર દ્વારા એલપીજીના ભાવમાં ફેરફાર થતા રહે છે. આ ફેરફાર કોમર્શિયલ તેમજ રસોઈ ગેસ સિલિન્ડર બંને માટે લાગુ પડે છે. જોકે, નવેમ્બરમાં તેલ



કંપનીઓએ માત્ર કોમર્શિયલ ગેસ સિલિન્ડરના રેટ બદલ્યા હતા, જ્યારે રસોઈ ગેસની કિંમતોમાં લાંબા સમયથી કોઈ ફેરફાર થયો નથી. 1 નવેમ્બરના રોજ 19 કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં રૂ. 6.50નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સરકારી કર્મચારીઓ માટે યુનિફાઈડ પેન્શન સ્કીમ(UPS) પસંદ કરવાની અંતિમ તારીખ 30 નવેમ્બર નક્કી કરવામાં આવી છે, જે અગાઉ 30 સપ્ટેમ્બર હતી. કોઈપણ સરકારી કર્મચારી NPS(National Pension System) અને UPSમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી શકે છે. તેથી, જો કોઈ કર્મચારી આ બંનેમાંથી કોઈ એક યોજના પસંદ કરવા માંગતો હોય, તો તેણે 30 નવેમ્બર પહેલાં આ પ્રક્રિયા પૂરી કરવી આવશ્યક છે. 1 ડિસેમ્બર પછી આ તક કદાચ ઉપલબ્ધ નહીં થાય. સીનિયર સિટીઝન્સને પેન્શનનો લાભ નિર્વિઘ્ને ચાલુ રાખવા માટે, લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવું ફરજિયાત છે. લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવા માટેની છેલ્લી તારીખ 30 નવેમ્બર છે. જો કોઈ વ્યક્તિ આ સમયમર્યાદામાં લાઈફ સર્ટિફિકેટ જમા કરાવી શકશે નહીં, તો તેનું પેન્શન અટકી શકે છે. જો તમારી ઑક્ટોબર મહિનામાં TDS(Tax Deducted at Source)ની કપાત થઈ હોય, તો તમારે સેક્શન 194-IA, 194-IB, 194M અને 194S હેઠળ સ્ટેટમેન્ટ જમા કરાવવું પડશે, જેની અંતિમ તારીખ 30 નવેમ્બર નક્કી કરાઈ છે. આ ઉપરાંત, જે કરદાતાઓને સેક્શન 92E હેઠળ રિપોર્ટ જમા કરાવવાનો છે, તેઓ પણ 30 નવેમ્બર સુધીમાં આ કામ પૂરું કરી શકે છે.

ઓઈલ કંપનીઓ દર મહિને એલપીજીની સાથે જ CNG(કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ), PNG(પાઈપ્ડ નેચરલ ગેસ) અને ATF(એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં પણ ફેરફાર કરે છે. આ મહિને પણ એલપીજીની સાથે સીએનજી, પીએનજી અને જેટ ફ્યુઅલ(ATF)ના ભાવ બદલાઈ શકે છે.

# ભારત છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી ઓછું રશિયન-તેલ ખરીદશે

**ડિસેમ્બરમાં 18 લાખને બદલે 6 લાખ બેરલ-પ્રતિ-દિવસ ક્રૂડ આયાતનો અંદાજ, અમેરિકા-EU પ્રતિબંધોની અસર**

**નવી દિલ્હી, તા.27**

ભારતની રશિયન તેલની આયાત ડિસેમ્બરમાં ત્રણ વર્ષના નીચલા સ્તરે આવી શકે છે. હાલમાં ભારત રશિયા પાસેથી લગભગ 18 લાખ બેરલ પ્રતિ દિવસ (bpd) ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે. ડિસેમ્બરમાં તે 6-6.5 લાખ bpd રહેવાનો અંદાજ છે. મીડિયા રિપોટ્ર્સ અનુસાર, ભારતીય રિફાઈનરી કંપનીઓએ અમેરિકી, યુરોપિયન અને બ્રિટિશ પ્રતિબંધોનું ઉલ્લંઘન ન થાય તે માટે રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીમાં ઝડપથી ઘટાડો કરવાનું શરૂ કરી દીધું છે. રિફાઈનર્સ હવે રશિયન તેલના વૈકલ્પિક સ્ત્રોત શોધી રહ્યા છે. રશિયા પાસેથી તેલ ન ખરીદવાનું મુખ્ય કારણ અમેરિકા અને યુરોપિયન યુનિયનના રશિયા પરના તાજા પ્રતિબંધો છે.

અમેરિકાના તાજા પ્રતિબંધમાં રશિયાની બે મોટી તેલ કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઈલ પર કડકાઈ કરવામાં આવી છે. ખરીદદારોને 21 નવેમ્બર સુધીમાં આ કંપનીઓ સાથેના વ્યવહારો બંધ કરવા જણાવાયું હતું. જ્યારે યુરોપિયન યુનિયને 21 જાન્યુઆરી 2026ની અંતિમ તારીખ નક્કી કરી છે.

આ પછી, કોઈપણ રિફાઈનરી દ્વારા 60 દિવસ પહેલાના રશિયન ક્રૂડને પ્રોસેસ કરીને બનેલા ઈંધણને યુરોપમાં વેચી શકાશે નહીં. આ જ પ્રતિબંધોને કારણે અમેરિકા અને યુરોપમાંથી થતા ટ્રાન્ઝેક્શનની ભારતીય બેંકોમાં તપાસ પણ સઘન બની છે. જેના કારણે ભારતના સરકારી રિફાઈનરો પણ એલર્ટ થઈ ગયા છે. મોટાભાગના ભારતીય રિફાઈનરોએ રશિયન તેલની ખરીદી બંધ કરી દીધી છે. મેંગલોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ (MRPL), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL)



અને HPCL-મિત્તલ એનર્જી હવે રશિયા પાસેથી તેલ લઈ રહ્યા નથી. 2022માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી રશિયા પર પ્રતિબંધો લાગ્યા. રશિયા પોતાનું તેલ ખૂબ સસ્તું વેચવા લાગ્યું. પહેલા ભારત રશિયા પાસેથી તેલ ખરીદતું ન હતું, પરંતુ હવે રશિયન ક્રૂડ 20-30 ડોલર પ્રતિ બેરલ સસ્તું મળવા લાગ્યું. ભારતની રિફાઈનરી કંપનીઓ (રિલાયન્સ, IOC, નાયરા, HPCL)એ તક જોઈ અને ખૂબ તેલ ખરીદ્યું. 2023-2025માં ભારત દરરોજ 17-19 લાખ બેરલ રશિયન ક્રૂડ ખરીદવા લાગ્યું. આનાથી ભારતીય કંપનીઓને કરોડો રૂપિયાની બચત થઈ. ઓક્ટોબર 2025માં રશિયાની બે સૌથી મોટી કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઈલ પર સીધા પ્રતિબંધો. આ કંપનીઓ સાથે અમેરિકામાં બિઝનેસ કરતી કંપનીઓ કોઈ ડીલ કરી શકશે નહીં, નહીં તો તેઓ પોતે પણ પ્રતિબંધોમાં ફસાઈ શકે છે.

અમેરિકાએ ભારત પર પણ 50% ટેરિફ લગાવ્યો, કારણ કે આપણે રશિયન તેલ ખરીદી રહ્યા છીએ.

રિલાયન્સનો યુરોપમાં ખૂબ મોટો નિકાસ છે. જો તે રશિયન ક્રૂડનો ઉપયોગ કરશે તો યુરોપ તેનું બનેલું પેટ્રોલ-ડીઝલ નહીં લે.

અમેરિકામાં રિલાયન્સનો બિઝનેસ છે, ત્યાં પ્રતિબંધો લાગુ પડ્યા તો એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે.

બેંકો ડરી ગઈ, જો તેઓ રશિયન કંપનીને પેમેન્ટ કરશે તો તેમનું અમેરિકામાં એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. તેથી બેંકો દરેક ટ્રાન્ઝેક્શનને ખૂબ જ બારીકાઈથી તપાસવા લાગી.

IOC, HPCL, મેંગલોર રિફાઈનરીએ રશિયન તેલ ખરીદવાનું જ બંધ કરી દીધું.

નવેમ્બરમાં ભારતે પુષ્કળ રશિયન તેલ ખરીદ્યું (રોજ 18.7 લાખ બેરલ), કારણ કે સ્ટોક ભરવાનો હતો.

ડિસેમ્બરમાં માત્ર 6-6.5 લાખ બેરલ રોજ આવશે, જે 3 વર્ષમાં સૌથી ઓછું છે.

રિલાયન્સે 20 નવેમ્બરથી તેની SEZ રિફાઈનરીમાં રશિયન ક્રૂડ બંધ કરી દીધું. 1 ડિસેમ્બરથી ત્યાં માત્ર નોન-રશિયન તેલમાંથી ઈંધણ બનશે.

કંપનીઓ હવે વૈકલ્પિક રીતે સાઉદી, ઈરાક, UAE, અમેરિકા અને આફ્રિકન દેશો પાસેથી તેલ લઈ રહી છે.

# નોકરી છોડો કે કાઢી મૂકાય, હવે બે જ દિવસમાં થઈ જશે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ! જાણો કેમ?

**નવી દિલ્હી, તા.27**

જો તમે નોકરી બદલવાનું વિચારી રહ્યા છો અથવા ઓફિસ પર કોઈપણ કારણોસર નોકરી છોડવી પડી શકે છે, તો તમારા માટે એક ખુશીના સમાચાર છે. મહિનાઓ સુધી ફુલ એન્ડ ફાઈનલ (FnF)ની રાહ જોનારા કર્મચારીઓ માટે સરકારે મોટી મદદ કરી છે. નવા લેબર કોડ લાગુ થતા જ હવે કંપનીઓએ ફક્ત બે કાર્યકારી દિવસમાં જ ફુલ એન્ડ ફાઈનલ ચૂકવણી કરવાની રહેશે.

નવા વેતન સંહિતા હેઠળ, હવે તમામ પ્રકારના કર્મચારીઓને બે કાર્યકારી દિવસોમાં સત્તાવાર રીતે તેમનો સંપૂર્ણ અને અંતિમ પગાર ચૂકવવામાં આવશે. BTG અડવાયના ભાગીદાર અર્જુન પાલેરીના જણાવ્યા અનુસાર, વેતન સંહિતા 2019ની કલમ 17(2) સ્પષ્ટપણે જણાવે છે કે, કર્મચારીનો



સંપૂર્ણ પગાર કર્મચારીના છેલ્લા કાર્યકારી દિવસ પછીના બે કાર્યકારી દિવસોમાં ચૂકવવો ફરજિયાત છે. આમાં પગાર, બાકીની રજા અને અન્ય કોઈપણ બાકી રકમનો સમાવેશ થાય છે. જો કે, ગ્રેચ્યુઈટી જેવી ચોક્કસ રકમ હજુ પણ અલગ નિયમો હેઠળ ચોક્કસ સમયે ચૂકવવામાં આવશે. અત્યાર સુધી, કંપનીઓને ફુલ એન્ડ ફાઈનલ માટે 30 દિવસ સુધીનો સમય મળતો હતો. આ પ્રક્રિયા ક્યારેક વધુ લાંબી થતી હતી કારણ કે, FnFમાં વિવિધ બાકી રકમ, જેમ કે લીવ એનકેશમેન્ટ, પેન્ડિંગ બોનસ અને ગ્રેચ્યુટીનો સમાવેશ થાય છે.

# નાણાકીય વર્ષ 2026માં GDP વૃદ્ધિ 6.6% રહેવાનો અંદાજ

**IMFએ કહ્યું- બાહ્ય પડકારો છતાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત, મોંઘવારી પણ નિયંત્રણમાં રહેશે**

**નવી દિલ્હી, તા.27**

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ જણાવ્યું કે બાહ્ય પડકારો જેવા કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત રહેશે. નાણાકીય વર્ષ 2025-26માં ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 6.6% રહેવાનો અંદાજ છે.

જ્યારે આવતા વર્ષે (નાણાકીય વર્ષ 2026-27) તે થોડો ઘટીને 6.2% પર આવી શકે છે. આ ઉપરાંત, IMFએ તેના નવીનતમ વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં એમ પણ કહ્યું છે કે ભારતમાં મોંઘવારી પણ નિયંત્રણમાં રહેશે.

IMFનું અનુમાન, ભારતની વૃદ્ધિ ઝડપી કેમ રહેશે? IMFના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતની અર્થવ્યવસ્થા વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતી




મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ રહેશે. નાણાકીય વર્ષ 2024-25માં 6.5% વૃદ્ધિ પછી, 2025-26ના પ્રથમ ક્વાર્ટરમાં GDP 7.8% વધી ચૂક્યો છે. આ ઘરેલું માંગ અને સુધરેલી પરિસ્થિતિઓને કારણે છે.

બાહ્ય અવરોધો જેવા કે વૈશ્વિક આર્થિક મંદી અથવા ભૌગોલિક રાજકીય જોખમોની અસર ઓછી પડશે. રિપોર્ટમાં વૃદ્ધિ માટે ઘરેલું પરિબળોને શ્રેય આપવામાં આવ્યો છે, જે ભારતને સ્થિતિસ્થાપક બનાવે છે. રિપોર્ટનો એક મહત્વનો મુદ્દો મોંઘવારીનો છે.

IMFએ કહ્યું, 'હેડલાઈન ફુગાવો સારી રીતે નિયંત્રિત રહેવાનો અંદાજ છે.' એટલે કે આવનારા મહિનાઓમાં કિંમતો સ્થિર રહેશે. ભારતમાં પહેલેથી જ ફુગાવો RBIના લક્ષ્યની આસપાસ છે, જે અર્થતંત્રને વેગ આપશે. આ નિયંત્રિત ફુગાવો ગ્રાહકનો વિશ્વાસ વધારશે અને રોકાણને ટેકો આપશે.

વર્લ્ડ બેંકે પણ ભારતની GDP વૃદ્ધિનો અંદાજ વધાર્યો હતો IMF પહેલાં વર્લ્ડ બેંક અને રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (RBI)એ પણ ભારતની GDP વૃદ્ધિના અંદાજને વધાર્યો હતો. વર્લ્ડ બેંકે ગયા અઠવાડિયે FY26 માટે તેના અંદાજને 6.3% થી વધારીને 6.5% કર્યો હતો, જેમાં મજબૂત વપરાશ અને GST સુધારાઓને કારણભૂત ગણાવ્યા હતા.

**પશ્ચિમ રેલવે**
**વડોદરા મંડળ**

**સીસીટીવી કેમેરાની જોગવાઈ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વાણિજ્યિક), પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા, જૂનાગઢ, આદ્રી રોડ, વરતેજ, ગોંડલ, ભાવનગર ટિમ્બર ડેપો જેવા 05 ગુડ્સ શેડ પર CCTV કેમેરાની જોગવાઈ માટે ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યું છે જેની વિગતો નીચે મુજબ છે : **ટેન્ડર નંબર:** 03-2025-26 **ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 26/11/2025 **દરખાસ્તો સબમિટ કરવાની તારીખ અને સમય:** 18/12/2025, 15:00 કલાક **ટેન્ડર મૂલ્ય (રૂ.માં):** 64,04,434.30/- **EMD રૂ.માં:** 1,28,100/- **ટેન્ડર દસ્તાવેજ ભારતીય રેલ્વે વેબસાઈટ પર ઉપલબ્ધ છે: https://www.ireps.gov.in/**
BVP 204
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**NHSRCL ના FOB-3 નું વિસ્તરણ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર. ટી. નંબર: DyCECIADINHSRCL-FOB01 (સિંગલ પેકેટ)** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) - I, પશ્ચિમ રેલ્વે. અમદાવાદ ભારતીય સંઘના પ્રમુખ વતી અને તેમના વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **1. કામનું નામ અને તેનું સ્થાન:** 'સાબરમતી (SBT) રેલ્વે સ્ટેશનના પ્રસ્થાન બ્લોક બિલ્ડિંગ સાથે જોડાવા માટે NHSRCL ના FOB-3 નું વિસ્તરણ.' **2. કામની અંદાજિત કિંમત:.** 4,05,11,490.00 **3. જમા કરાવવાની બાકી રકમ:** 3,52,600.00 4. ટેન્ડર ફોર્મ ફી: કોઈ નહીં **5. કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** ચોમાસા સહિત 90 દિવસ (નેવું દિવસ). **6. બિડ જમા કરાવવાની તારીખ અને સમય:** ૧૫.૧૨.૨૦૨૫ બપોરે ૧:૦૦ વાગ્યે **7. વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું:** નાયબ મુખ્ય ઈજનેર (બાંધકામ)-I ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, બીજો માળ, 'સી' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-૩૮૨૩૪૫ **વેબસાઈટ: www.ireps.gov.in**
CPM 085
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર સિસ્ટમ**

**ટેન્ડર નં. -DRM-SnT-ADI-Sig 17 ઓફ 2025-26** DRM/S અને T ને આમંત્રણ આપવાની સૂચના ભારતના રાષ્ટ્રપતિ ટેન્ડર નં. DRM-SnT-ADI-Sig 17 ઓફ 2025-26 અંતિમ તારીખ 19.12.2025, 15:00 વાગ્યે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ / સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1) કાર્યનું નામ:** ક્યોસાનની ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર અમદાવાદ વિભાગના પાંચ સ્ટેશનો (ભાંડુ મોટી દાઉ, કટારિયા, બાજણા, સુરબારી અને સામખિયાળી સ્ટેશનો) ના ત્રણ વર્ષના સમયગાળા માટે બનાવે છે. **2) કાર્યની અંદાજિત કિંમત:** રૂ. ૩,૧૯,૪૬,૦૬૭.૦૦/- (રૂ. ત્રણ કરોડ ઓગણીસ લાખ છેંતાળીસ હજાર સડસટ રૂપિયા). **3) અર્નેસ્ટ ડિપોઝિટ મની:** રૂ. ૩,૦૯,૭૦૦/- (રૂ. ત્રણ લાખ નવ હજાર સાતસો રૂપિયા). **4) બંધ કરવાની તારીખ અને સમય:** ૧૯.૧૨.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૧૯.૧૨.૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે ખુલશે. **6) ઇ-ટેન્ડરિંગની વેબસાઈટ: www.ireps.gov.in**
ADI 214
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**SLR કમ્પાર્ટમેન્ટ અને વિવિધ ટ્રેનોના VPUS ના લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ**

**કેટલોગ નંબર :** લીઝ-૨૦૨૫-૧૯

**કરારનો પ્રકાર:** BVP વિભાગમાંથી ઉદ્ભવતી વિવિધ ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટ અને VPU ના લીઝ કરાર.

**શ્રેણી:** લીઝિંગ

બિડર/ટેન્ડરર (IREPS/E-ઓક્શન) સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર મંડળ - +91-72279 89486) પર સંપર્ક કરી શકાય છે.

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૧૦.૧૨.૨૦૨૫ થી ૧૧:૦૦ કલાકે ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in

**હરાજી બંધ થવાનો સમય અને તારીખ:** ૧૫:૧૦ કલાકે ૧૦.૧૨.૨૦૨૫ થી ઓનલાઈન વેબસાઈટ **www.ireps.gov.in**
BVP 201
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ પાર્કિંગ સ્ટેન્ડના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર (ટુ એન્ડ ફોર વ્હીલર) ભાવનગર વિભાગ.**
**હરાજી કેટલોગ નંબર પાર્કિંગ-2025-06**

| ના. | સ્ટેશન | વિગતો | સમયગાળો |
|---|---|---|---|
| 01 | ભાવનગર ટર્મિનસ (BVC) | ફોર વ્હીલર્સ | 03 વર્ષ |
| 02 | વસ્ત્રાપુર (VTP) | ટુ વ્હીલર | 03 વર્ષ |
| 03 | સરખેજ (SEJ) | મિશ્ર (ટુ અને ફોર વ્હીલર) | 03 વર્ષ |
| 04 | કેશોદ (KSD) | ટુ વ્હીલર | 03 વર્ષ |

બિડર/ટેન્ડરર IREPS/ઈ-ઓક્શન સ્થળની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ 7227989486) પર સંપર્ક કરી શકાય છે.

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૧૧.૧૨.૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે ઓનલાઈન **વેબસાઈટ www.ireps.gov.in**

**હરાજી બંધ થવાનો સમય અને તારીખ:** ૧૧.૧૨.૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે ઓનલાઈન **વેબસાઈટ www.ireps.gov.in**
BVP 202
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# અમદાવાદ આસપાસના 77 કિમી વિસ્તારમાં જમીન-મકાનના ભાવ આસમાને આંબશે

## પૈસાનો વરસાદ થશે, 3 લાખ નોકરી સર્જાશે, કોમનવેલ્થથી આમ બદલાશે શહેરની શિકલ

**અમદાવાદ, તા.27**

દિલ્હી-મુંબઈ નહીં, હવે ભારતની ઓળખ અમદાવાદથી થશે. કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે અમદાવાદ શહેરની પસંદગી થતાં જ ગુજરાતના વિકાસમાં નવો અધ્યાય લખાયો છે. આ સાથે જ ઓલિમ્પિક 2036 માટે પણ અમદાવાદની યજમાની લગભગ નિશ્ચિત થઈ ગઈ છે. આ બે વર્લ્ડ ક્લાસ ઈવેન્ટના આયોજનથી આખી દુનિયામાં અમદાવાદનું નામ ગુંજતું થશે. એટલો વિકાસ થશે કે અમદાવાદની શિકલ સાવ બદલાઈ જશે.

વિશ્વ જોતું રહી જાય એવાં ભવ્યાતિભવ્ય સ્ટેડિયમો બનશે. નવા વીઆઈપી રોડથી લઈને હાઈટેક બ્રિજ બનશે. ખેલાડીઓને રહેવા માટે લક્ઝુરિયસ વિલેજથી લઈને ફરવા માટે આકર્ષક કેન્દ્રો ઉમેરાશે. મુખ્યત્વે રિવરફ્રન્ટ પરના કિનારે એવાં નજરાણાં ઊભાં કરાશે કે ભલભલા અંજાઈ જશે. ટૂરિઝમથી લઈને નોકરીની ડિમાન્ડ ઊભી થશે. રિયલ એસ્ટેટમાં એવી તેજી આવશે કે રોકાણ કરનારા માલામાલ થઈ જશે તેમજ 3 લાખ જેટલી રોજગારી ઊભી થશે.

કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે કેટલું બજેટ જોઈશે?, તોતિંગ ખર્ચની ગુજરાતના અર્થતંત્ર પર કેવી અસર થશે?, હોટલ, ટૂરિઝમ, રિયલ એસ્ટેટ માર્કેટને આ ગેમ્સના આયોજનથી કેવી આશા છે અને એનાથી આ ઉદ્યોગોમાં કેવાં પરિવર્તન આવશે? આ તમામ સવાલોના જવાબ જાણવા દિવ્ય ભાસ્કરે અલગ અલગ ક્ષેત્રના નિષ્ણાતો સાથે વાતચીત કરી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, આંતરરાષ્ટ્રી પતંગોત્સવ, રણ ઉત્સવના આયોજન થકી ગુજરાત વિદેશી રોકાણકારો અને પર્યટકોને આકર્ષવામાં સફળ રહ્યું છે. આ પ્રકારની આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરી ગુજરાત ગ્લોબલ બિઝનેસ અને ટૂરિઝમ હબ તરીકે સ્થાપિત થયું છે. અમદાવાદે 2026 ઓલિમ્પિક માટે દાવેદારી કરી છે. 2030 કોમનવેલ્થ ગેમ્સ, 2025 વેઈટ લિફ્ટિંગ, 2029 વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સના આયોજન ગુજરાતમાં થવાનું છે, જે દેશમાં ગુજરાતને સ્પોર્ટસ હબ તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રકારની ઈવેન્ટને



કારણે આગામી દિવસોમાં ગુજરાતમાં સ્પોર્ટસક્ષેત્રે રોકાણો વધશે, જેનો લાભ ગુજરાતના ખેલાડીઓને પણ થવાનો છે.

કોમનવેલ્થ ગેમ્સના આયોજનને કારણે અમદાવાદ અને ગુજરાતના અર્થતંત્રને કેટલો ફાયદો થાય?, ખાસ કરીને કયાં કયાં સેક્ટરને સૌથી વધુ ફાયદો થાય અને ખર્ચમાં કરકસર માટે સરકાર શું કરી શકે? આ તમામ સવાલોના જવાબ મેળવવા દિવ્ય ભાસ્કરે આર્થિક બાબતોના જાણકાર જય નારાયણ વ્યાસ, યમલ વ્યાસ અને પ્રોફેસર હેમંતકુમાર શાહ સાથે વાતચીત કરી હતી.

જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે 2030માં અમદાવાદમાં કોમનવેલ્થનું આયોજન થવાનું છે એની પાછળ અંદાજિત 30થી 35 હજાર કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. રમતગમતનાં સ્ટેડિયમ બનશે, ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ખૂબ વધારો થશે, જેના કારણે રોજગારીમાં પણ વધારો થશે. એરલાઈન્ટ અને હોટલ ઉદ્યોગનો બૂસ્ટ મળશે. કોમનવેલ્થમાં જે રોકાણ થશે એ લાંબા ગાળાનું રોકાણ હશે એટલે એનાથી ફાયદો જ થાય. દિલ્હીમાં પણ કોમનવેલ્થ ગેમ્સને કારણે ફાયદો જ થયો હતો.

આર્થિક બાબતોના જાણકાર યમલ વ્યાસે જણાવ્યું હતું કે અમદાવાદમાં રમતગમત માટે જ 5 હજાર કરોડનો ખર્ચનો અંદાજ છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રકચરનો ખર્ચ અલગ થશે. ગેમ્સના આયોજનના કારણે ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રકચર, ટ્રાન્સપોર્ટ, ટૂરિઝમ જેવાં સેક્ટરને ખૂબ મોટા પ્રમાણમાં લાભ થશે. ગેમ્સના આયોજનને કારણે અંદાજિત એક લાખ નવી રોજગારની તકોનું સર્જન થવાની શક્યતા છે.

2020 કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે જે સંભવિત સ્થળો છે એની આસપાસના વિસ્તારોમાં આગામી દિવસોમાં જમીન-મકાનના ભાવમાં રોકેટગતિએ વધારો થવાની શક્યતા છે. રિયલ એસ્ટેટના જાણકારોનું માનીએ તો હાલ રિયલ એસ્ટેટ માર્કેટ ધીમું ચાલે છે, પણ કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના કારણે બૂસ્ટ મળશે.

રિયલ એસ્ટેટક્ષેત્રના જાણકારોના મતે કોમનવેલ્થ ગેમ્સની જાહેરાતને કારણે ચાંદખેડા, મોટેરા વિસ્તારમાં 15થી 20 ટકા સુધીનો તાત્કાલિક ફાયદો જમીનમાલિકોને થઈ શકે છે તેમજ એની નજીકમાં આવતા ઝુંડાલ, વૈષ્ણોદેવી સર્કલ અને સરગાસણ સહિતના વિસ્તારોમાં જમીનના ભાવમાં ઉછાળો જોવા મળી શકે છે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે. રોકાણકારો માટે પણ રોકાણ માટે આ સુવર્ણ સમય ગણી શકાય.

મોટેરા, ચાંદખેડા, ઝુંડાલ, વૈષ્ણોદેવી, ત્રાગડ, સરગાસણ સહિતના વિસ્તારોમાં રોકાણ કરવું ફાયદાકારક સાબિત થઈ શકે છે એવું રિયલ એસ્ટેટ સેક્ટરના એક્સપર્ટ માની રહ્યા છે, કારણ કે ચાંદખેડાને એક ભાવિ વિકાસ કેન્દ્ર તરીકે જોવામાં આવે છે તેમજ મોટેરા વિસ્તારમાં સ્ટેડિયમ એરિયા હોવાથી આ વિસ્તારમાં ઘણો વિકાસ થઈ શકે છે, જેના કારણે રોકાણ કરવા માટે સૌથી વધુ ફાયદાકારક રહેવાનું છે.

# વડોદરા મનપાની મેગા ફૂડ રેડ : 39 લારી-રેસ્ટોરન્ટમાં ચેકિંગ

## 70 લિટર પાણીપુરીનું પાણી-40 કિલો બટાકા સહિત અખાદ્ય સામગ્રીનો જપ્ત-નાશ

**વડોદરા, તા.27**

વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં એક સાથે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પાલિકાના મ્યુનિસિપલ કમિશનરની સૂચના અનુસાર શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ-અલગ ટીમોએ રેસ્ટોરન્ટ, લારી-ગાડા, રિટેલર તથા હોલસેલર યુનિટ્સમાં ચેકિંગ હાથ ધર્યું હતું. શહેરના ઉમા ચાર રસ્તા, તરસાલી, ગોત્રી, ખંડેરાવ માર્કેટ, છાણી, હરણી રોડ, પાણીગેટ સહિતના વિસ્તારોમાં કુલ 8 રિટેલર યુનિટ, 1 હુક્કા વેન્ડિંગ યુનિટ અને 1 હોલસેલર યુનિટમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આયોડાઈઝ્ડ મીઠું, એડિબલ મિનરલ સોલ્ટ સહિત કુલ 12 મીઠાના નમૂના લેબોરેટરી ટેસ્ટીંગ માટે લેવામાં આવ્યા હતા. બીજી તરફ આજવા રોડ-મહાવીર હોલ ચાર રસ્તા, ડેરીડેન સર્કલ, વાઘોડિયા રોડ-ડીમાર્ટ વિસ્તારમાં ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. અહીં ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (FSW) વાનની મદદથી 39 લારીઓ, 8 ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટ અને 3 રેસ્ટોરન્ટમાં ચેકિંગ કરાયું હતું. આ દરમિયાન 39 ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. મહત્વની બાબત એ છે કે, 4 લારીઓમાં વપરાતા તેલની TPC વેલ્યુ ખૂબ જ ઊંચી જણાતાં સ્થળ પરથી જ 5 કિલો તેલ નાશ



કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત લોકોના આરોગ્ય સાથે રમત રમનારી લારીઓમાંથી 70 લિટર પાણીપુરીનું પાણી, 7 કિલો લીલી ચટણી, 40 કિલો અખાદ્ય બટાકા, કલરવાળું મંચુરિયન, સોસ વગેરે જપ્ત કરી સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. લાઈસન્સ કે રજીસ્ટ્રેશન વિના ધંધો ચલાવતી 2 લારીઓ અને લાઈસન્સ/રજિસ્ટ્રેશન ડિસ્પ્લે ન કરનારી 3 લારીઓને તાત્કાલિક બંધ કરાવી દેવામાં આવી હતી.

# અમદાવાદમાં 200થી વધુ BLO ધરણા પર, ચૂંટણી કામગીરી સામે રોષ, અધિકારીઓ દ્વારા નોટિસની ધમકી

**અમદાવાદ, તા.27**

અમદાવાદના અમરાઈવાડી વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા બૂથ લેવલ ઑફિસર્સ(BLO) એ કામગીરીના ભારણ અને વહીવટી તંત્રના દબાણ સામે બાયો ચઢાવી છે. આજે ખોખરા સ્થિત કે. કે. શાસ્ત્રી કૉલેજ ખાતે 200થી વધુ BLOએ એકત્ર થઈને ધરણા યોજ્યા હતા અને ચૂંટણી પંચ દ્વારા સોંપવામાં આવેલી 'મેપિંગ'ની કામગીરીને અવ્યવહારુ ગણાવી વિરોધ નોંધાવ્યો હતો.

BLOના જણાવ્યા અનુસાર, શરુઆતમાં ચૂંટણી પંચ દ્વારા તેમને માત્ર ASD મતદારોના ફોર્મ સબમિટ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. પરંતુ હવે અચાનક કામગીરીમાં મોટો ફેરફાર કરી દેવામાં આવ્યો છે. હવે દરેક મતદારનું 'મેપિંગ' કરવાની સૂચના આપવામાં આવી છે, જે ખૂબ જ અઘરી પ્રક્રિયા છે.

આ પ્રક્રિયા અંતર્ગત BLOએ મતદાર દ્વારા ભરેલા ફોર્મની નીચે 2002ના એસઆઈઆર (SIR) પ્રમાણેની વિગતો ભરવાની હોય છે. મતદારો ફોર્મમાં માત્ર સામાન્ય માહિતી આપી દે છે, પરંતુ તેની નીચેની જટિલ વિગતો BLOએ જાતે શોધવી પડે છે. આ માટે તેમણે ચૂંટણી પંચની વેબસાઈટ પર જઈને ઓનલાઈન નામ શોધી, વ્યક્તિની ચોક્કસ ઓળખ કરી અને ત્યારબાદ જ વિગતો ભરવાની હોય છે, જે ખૂબ જ સમય માંગી લેતી અને કપરું કામ છે. ધરણા પર ઉતરેલા કર્મચારીઓએ આક્ષેપ કર્યો હતો કે વહીવટી અધિકારીઓ દ્વારા કામ ઝડપથી પૂરું કરવા માટે અસહ્ય દબાણ કરવામાં આવી રહ્યું છે. BLOની દિનચર્યા વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, 'અમે બપોરે 1:00 વાગ્યા સુધી કે. કે. શાસ્ત્રી કૉલેજમાં કામ કરીએ છીએ અને ત્યાંથી સીધા ફિલ્ડમાં જઈએ છીએ. પરંતુ બપોરે 3:00 વાગ્યે ફરીથી કૉલેજમાં હાજર થવા માટે દબાણ કરવામાં આવે છે.' જો કોઈ કર્મચારી 3 વાગ્યે હાજર ન થઈ શકે તો તેમને નોટિસ ફટકારવાની ધમકી આપવામાં આવે છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે 23 ગુનામાં સંડોવાયેલા મોહંમદ સિકંદરને દબોચ્યો, પરિવારનો પણ છે મોટો ગુનાહિત ઈતિહાસ

**અમદાવાદ, તા.27**

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે લાંબા સમયથી પોલીસ ચોપડે વોન્ટેડ ચાલી રહેલા કુખ્યાત આરોપી મોહંમદ સિકંદર ભાડભુંજાને ઝડપી પાડ્યો છે. હત્યાના પ્રયાસ, લૂંટ, ઘરફોડ અને મારામારી સહિત કુલ 23 ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો આ આરોપી બાપુનગર વિસ્તારમાં મણીલાલની ચાલી પાસેના જાહેર રસ્તા પરથી પકડાયો હતો. મહત્ત્વનું છે કે, આરોપીની તલાશી લેતા પોલીસને તેની પાસેથી ગેરકાયદેસર હથિયારોનો જથ્થો પણ મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે બે ગેરકાયદેસર તમંચા અને ચાર જીવતા કારતુસ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના બુલંદ શહેરનો વતની અને અમદાવાદમાં બાપુનગર દરગાહમાં સાફ-સફાઈનું કામ કરતો મોહંમદસિકંદર, આ હથિયારો ઉત્તર પ્રદેશથી ખરીદી લાવ્યો હતો. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે આ હથિયારો પાછળનું કારણ પારિવારિક દુશ્મની હતી. આજથી લગભગ 15 વર્ષ પહેલા આરોપીના ભાઈ તનવીર ભાડભુંજાની હત્યા સલમાન શેખ નામના વ્યક્તિએ કરી હતી, જેને આ કેસમાં આજીવન કેદની સજા



થઈ છે. જોકે, સલમાન શેખ પેરોલ પર જેલમાંથી બહાર આવતો રહેતો હોવાથી, મોહંમદ સિકંદરને સતત ડર હતો કે સલમાન તેના પર હુમલો કરશે. આ ડરને કારણે જ આરોપી એક વર્ષ પહેલા યુ.પી.થી હથિયારો ખરીદી લાવ્યો હતો.

મોહંમદ સિકંદર ભાડભુંજાના પરિવારનો ગુનાહિત ઈતિહાસ પણ મોટો છે. તેનો ભાઈ સર્વર ઉર્ફે કડવા પણ 20થી વધુ ગુનાઓમાં સંડોવાયેલો છે અને હાલમાં 'પાસા' હેઠળ જેલમાં બંધ છે. ભૂતકાળમાં સર્વરે રખિયાલ વિસ્તારમાં ખુલ્લા હથિયારો સાથે આતંક મચાવ્યો હતો, જેના પગલે તેની ધરપકડ થઈ હતી. ક્રાઈમ બ્રાંચે જણાવ્યું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મોહંમદ સિકંદર અબ્દુલ કરીમ બાળપુજા ઉર્ફે મોરજી નામના વ્યક્તિને બાપુનગર, પન્નાલાલ વિસ્તારમાં હસન શાહપીરની જગ્યાની પાસે ગેરકાયદેસર હથિયારો સાથે ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે તેના કબજામાંથી બે દેશી તમંચા, ચાર કારતૂસ અને એક મોબાઈલ ફોન મળીને કુલ 16,600 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલો આરોપી અગાઉ ખૂનની કોશિશ, લૂંટ, ઘરફોડ ચોરી, મારામારી જેવા 23થી વધુ ગુનાઓમાં પકડાયેલો છે.

આરોપીએ કબૂલાત કરી હતી કે તે આજથી એક વર્ષ પહેલા ઉત્તર પ્રદેશ ખાતેથી આ હથિયાર લઈ આવ્યો હતો. હથિયાર લાવવા પાછળનું કારણ એ હતું કે આજથી 15 વર્ષ પહેલા તેના ભાઈનું મર્ડર સલમાન તફુદ્દીન શેખ ઉર્ફે સલમાન કેક નામના વ્યક્તિએ કર્યું હતું.

# અમદાવાદમાં પ્રદૂષણ સાથે ધૂંધળું હવામાન, રાજ્યમાં 3 દિવસ બાદ ફરી કડકડતી ઠંડીનો રાઉન્ડ શરુ થશે

**અમદાવાદ, તા.27**

ગુજરાતમાં લઘુતમ તાપમાનનો પારો ઊંચકાયો છે, જેના કારણે છેલ્લા થોડા દિવસોથી ઠંડી ગાયબ થઈ ગઈ છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ આ રાહત કામચલાઉ છે અને આગામી સોમવારથી રાજ્યમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરુ થવાની પ્રબળ શક્યતા છે.

બુધવારે અમદાવાદ શહેરનું તાપમાન સ્થિર રહ્યું હતું, પરંતુ પર્યાવરણીય ફેરફારો સ્પષ્ટ જોવા મળ્યા હતા. સવારના સમયે આકાશમાં વાદળો છવાયેલા હતા અને શહેરમાં ધૂંધળું વાતાવરણ જોવા મળ્યું હતું. હવામાનની ભાષામાં આ સ્થિતિને 'સ્મોગ' (Smog) તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રદૂષણયુક્ત ધુમ્મસને કારણે સવારના તાપમાનમાં પણ સામાન્ય વધારો નોંધાયો હતો.

બીજી તરફ સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી હતી. ખાસ કરીને રાજકોટ, દ્વારકા, પોરબંદર, દીવ, સુરેન્દ્રનગર અને કચ્છના વિવિધ વિસ્તારોમાં ધુમ્મસના કારણે



વિઝિબિલિટી પર અસર પડી હતી. હાલ રાજ્યમાં તાપમાનનો પારો ઊંચો રહેતા ઠંડીમાં ઘટાડો થયો છે, પરંતુ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ બાદ ફરી તાપમાન નીચે ઉતરશે અને ફૂલગુલાબી ઠંડીનો અનુભવ થશે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, રાજ્યમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે ત્યારે આગામી ચાર દિવસ સુધી તાપમાનમાં સામાન્ય વધ-ઘટ જોવા મળશે. ત્યારબાદ પારો 2થી 3 ડિગ્રી સુધી ઘટી શકે છે. એટલે કે સોમવારથી ફરી ઠંડીનું જોર વધશે.

આ દરમિયાન ભારતના આંદામાન-નિકોબાર ટાપુઓથી 600થી 750 કિ.મી. દૂર ઈન્ડોનેશિયા પાસે દરિયામાં એક વાવાઝોડું સર્જાયું છે, જેનું નામ 'સેનયાર' રાખવામાં આવ્યું છે. આ સિસ્ટમના કારણે બંગાળની ખાડી અને હિન્દ મહાસાગરમાં લો-પ્રેશર વધુ શક્તિશાળી બન્યું છે.

આ સિસ્ટમની અસરને પગલે આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુ સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જોકે, આ વાવાઝોડું ગુજરાતથી ઘણું દૂર હોવાથી રાજ્ય પર તેની સીધી અસરની કોઈ શક્યતા નથી. તેમ છતાં, સ્થાનિક હવામાનમાં ફેરફારને કારણે તારીખ 28થી 30 દરમિયાન રાજ્યમાં ક્યાંક-ક્યાંક છૂટાછવાયા વાદળો જોવા મળી શકે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

